PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.03-10-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

## અંકના આકર્ષણ

page > 3
ધો.૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વની પ્રવેશ પરીક્ષાઓની માહિતી

page > 4
આખી દુનિયાને ચકરાવે ચઢાવનાર ફીજેટ સ્પીનરની વિસ્તૃત માહિતી

page > 6
શાળાઓના સમાચારો શાળા સર્વદા

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/-
email : shikshansarvada@gmail.com
તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૬૨ ■ વર્ષ : ૧૧ ■ તા.૧ થી ૧૫, ઓક્ટોબર ૨૦૧૭
પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૮૨૫૩-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

## શિક્ષણ સર્વદા

**11 Years**

**& Counting....**

- ૧૧,૦૦૦ લવાજમ ધારકો
- ૧,૨૫,૦૦૦ ઉપરાંત વાચકો
- ૩૨૦૦ શૈક્ષણિક સંસ્થાઓ
- ૫૮૧ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર
- ૧૧ કારકિર્દી પુસ્તક પ્રકાશન

**અમે બાળ છીએ અને બાળકો માટે છીએ**

# ભારતમાં શિક્ષણનું સ્તર સાવ નિમ્ન: વિશ્વ બેન્ક

વિશ્વ બેન્કે ચેતવણી આપી છે કે ભારત જેવા ઓછી અને મધ્યમસ્તરની આવક ધરાવતા દેશોમાં શિક્ષણ ક્ષેત્રે કટોકટી જેવી સ્થિતિ છે જેમાં સુધારો કરવાની જરૂર છે. વર્લ્ડ બેન્કે કહ્યું છે કે સાચું શિક્ષણ આપ્યા વગર માત્ર બાળકોને શાળામાં મોકલી દેવા એ વિકાસની તક વેડફવા જેવું છે. એટલું જ નહીં, બાળકોને પણ આવા દેશો મોટો અન્યાય કરી રહ્યા છે. વિશ્વ બેન્કે મંગળવારે રજૂ કરેલા રિપોર્ટમાં નોંધ્યું છે કે ભારત સહિતના દેશોમાં લાખો વિદ્યાર્થીઓને જોઈએ તેવું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મળતું નથી, જેને કારણે તેમને જીવનમાં સફળ થવાની સારી તક ગુમાવવી પડે છે અને પાછલી વયમાં ઓછી આવકે કામનો ઢસરડો કરવો પડે છે.

'વર્લ્ડ ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૧૮: લર્નિંગ ટુ રિયલાઈઝ એજ્યુકેશનસ પ્રોમિસ નામથી રજૂ થયેલા આ અહેવાલમાં ૧૨ દેશોના રેન્કિંગ અપાયા છે, જેમાં બીજા ધોરણમાં ભણતો વિદ્યાર્થી નાનકડો શબ્દ પણ વાંચી શકતો નથી. આ યાદીમાં ભારત માલાવી પછી બીજા ક્રમે છે. બીજા ધોરણમાં બે આંકડાના બાદબાકી પણ કરતા ન આવડતા હોય તેવા વિદ્યાર્થીઓવાળા દેશોની યાદીમાં ભાત સાતમા ક્રમે છે. ગ્રામીણ ભારતમાં ત્રીજા ધોરણમાં ભણતા ૭૦ ટકા બાળકો ૪૬૧૭ જેવા બે આંકડાના બાદબાકી કરી નથી શકતા. ધો.૫ સુધીમાં પણ ૫૦ ટકા બાળકોને આવું સાદું ગણિત નથી આવડતું. અહેવાલમાં કહેવાયું છે કે યોગ્ય શિક્ષણ વગરની સ્કૂલથી ગરીબી દૂર નહીં થાય અને તેને કારણે દરેક વ્યક્તિને સમાન અવસર અને બધાને સમૃદ્ધિ નહીં મળે. અનેક વર્ષો સ્કૂલમાં ગાળવા છતાં લાખો વિદ્યાર્થીઓ વાંચી, લખી ન શકે કે સાદું ગણિત પણ તેને ન આવડતું હોય તો તે શિક્ષણ ક્ષેત્રે કટોકટી જ છે અને આવી કટોકટીથી સામાજિક ભેદભાવ ઘટવાને બદલે વધશે.

# ટાઈપરાઈટર યુગનો અંત

મુંબઈમાં સ્ટેનોગ્રાફી કોલેજોની અંતિમ મેન્યુઅલ પરીક્ષા લેવાઈ: મુંબઈમાં સરકારી શાળા, કોર્ટમાં ટાઈપરાઈટર યુગનો અંત : દેશના આર્થિક પાટનગર કહેવાતા મુંબઈની કોર્ટો અને સરકારી ઓફિસોમાંથી ટૂંકમાં જ ટાઈપરાઈટરને અલવિદા કરી દેવાશે. ગયા શુક્રવારે સ્ટેનોગ્રાફીની અંતિમ પરીક્ષા આયોજિત કરવામાં આવી હતી અને તે પછી સરકારી નોકરી માટે ટાઈપરાઈટરની પરીક્ષા ફરજિયાત હોવાની જોગવાઈ ઉડી જશે.

મહારાષ્ટ્રમાં સ્ટેનોગ્રાફી અને ટાઈપરાઈટિંગ શીખવાડતા આશરે ૩,૫૦૦ સંસ્થાઓ છે. અર્થવ્યવસ્થાને ડિજિટાઈજ કરવા માટે આ ટાઈપરાઈટર મશીનોને ચલણથી બહાર કરવામાં આવી રહ્યા છે. એક ટાઈપરાઈટર ઈન્સ્ટિટયુટના સંચાલનકર્તાનું કહેવું છે કે 'આ ટાઈપરાઈટર યુગનો અંત છે, નવી ટેક્નોલોજી અને કોમ્પ્યુટરના જમાનામાં ટાઈપરાઈટિંગ મશીનોનો કોઈ મતલબ રહ્યો નથી.' પશ્ચિમી દેશોમાં ઈતિહાસ બની ગયેલા ટાઈપરાઈટર આજે પણ ભારતની લગભગ તમામ કોર્ટોમાં વપરાય છે. એ ઉપરાંત પોલીસ સ્ટેશન અને સરકારી કચેરીઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. કોર્ટની બહાર આજે પણ એફિડેવિટથી લઈને કાયદાકીય દસ્તાવેજ તૈયાર કરવા માટે ટાઈપરાઈટર પોતાનું ટેબલ સજાવીને બેઠા હોય છે.

# ટેટ-૨ માં ૨.૩૦ લાખમાંથી માત્ર ૫૦ હજાર ઉમેદવારો પાસ

## ધોરણ ૬ થી ૮માં શિક્ષકોની ભરતી માટેની ટેટ-૨ નું ૨૩.૬૪ ટકા પરિણામ

ધો.૬ થી ૮ની શાળાઓમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યાઓ ભરવા માટે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી ટેટરની ફાઈનલ આન્સર કીની સાથે જ આજે પરિણામ જાહેર કરી દેવાયુ છે. સમગ્ર રાજયમાંથી કુલ ૨ લાખ ૩૦ હજારથી વધારે ઉમેદવારોએ ટેટરની પરીક્ષા આપી હતી. જે પૈકી ૧ લાખ ૬૩ હજારથી વધારે વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જયારે માત્ર ૫૦૭૫૫ વિદ્યાર્થીઓ પાસ થતાં ટેટરનું પરિણામ ૨૩.૬૪ ટકા જેટલું આવ્યું છે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષકની ભરતી માટે ગત તા.૨૦મી ઓગસ્ટ ૨૦૧૭ના રોજ બપોરે ૩ થી ૫ દરમિયાન શિક્ષક યોગ્યતા કસોટી ૨ લેવામાં આવી હતી. જેની પ્રોવિઝનલ આન્સર કી તા.૨૮મી ઓગસ્ટના રોજ જાહેર કરી દેવામાં અવી હતી. જો પ્રોવિઝનલ આન્સર કીમાં ભૂલ હોય તો તેની સામે તા.૪ સપ્ટેમ્બર સુધીમાં વાંધા અરજી આપવા સૂચના આપવામાં આવી હતી. ઉમેદવારો દ્વારા મળેલી વાંધા અરજીઓને ધ્યાનમાં લઈને કેટલીક આન્સર કીમાં સુધારો કરવામાં આવ્યો હતો. સૂત્રો કહે છે અંદાજે દરેક વિભાગમાં આઠ સવાલોમાં સુધારો થયો હતો. બોર્ડ દ્વારા આજે ફાઈનલ આન્સર કીના સાથે જ પરિણામ પણ જાહેર કરી દેવાયુ હતુ. નોંધનીય છે કે બોર્ડ દ્વારા ભાષા, ગણિત અને સમાજિક વિજ્ઞાન એમ, ત્રણ વિષયમાં પરીક્ષા લેવામાં આવે છે. આ પરિણામના આધારે હવે સરકાર દ્વારા આગામી દિવસોમાં ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ પરીક્ષામાં અનુસૂચિત જાતિ, જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારો માટે બન્ને વિભાગના સંયુક્ત મળીને ૮૨ ગુણ મેળવ્યા હોય તેમને પાસ જાહેર કરવામાં આવ્યા છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને વિકલાંગ ઉમેદવારો સિવાયના અન્ય ઉમેદવારોને બન્ને વિભાગમાં સંયુક્ત રીતે મળીને ૯૦ માર્કસ આવ્યા હોય તેમને પાસ જાહેર કરાયા છે. બોર્ડ દ્વારા મેથ્સ, સોશિયલ સાયન્સ અને ભાષા દરેકમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમનું પરિણામ જાહેર કરાયુ છે. જેઓએ ઓએમઆરની પુનઃચકાસણી કરાવવી હોય તેઓએ તા.૨૯મી સપ્ટેમ્બર સુધીમાં ગાંધીનગર પરીક્ષા બોર્ડમાં રજૂઆત કરવાની રહેશે.

# સંસ્કારભારતી વિદ્યાલયના વિદ્યાર્થીએ શાળામાં ગરબા-દોઢીયાની રમઝટ માણી



રાંદેર રોડ તાડવાડી ખાતે આવેલા સંસ્કારભારતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ નવરાત્રી પર્વને અનુલક્ષીના શાળા પટાંગણમાં જ યોજાયેલા ગરબા દોઢીયા મહોત્સવ દરમિયાન પોતાની અવનવી સ્ટાઇલથી ગરબા દોઢીયાની રમઝટ માણી હતી. વિદ્યાર્થીઓએ ગુજરાતી સંસ્કૃતિને ઉજાગર કરતી આ કલા અન્વયે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરતા એક એકથી ચઢીયાતી સ્ટાઇલમાં ગરબા અને દોઢીયાની રમઝટ માણી હતી.

# યોગક્ષેત્રે યોગદાન બદલ ગુજરાતની દીકરી અનેરી મહેતા પદ્મશ્રી એવોર્ડ માટે નોમીનેટ

દેશના ગૌરવવંતા પદ્મશ્રી એવોર્ડ માટે મુળ ભાવનગરની અનેરી વિજય મહેતા નોમિનેટ થઈ છે. તેમને આ એવોર્ડ મળી શકે છે. યોગ ક્ષેત્રે તેમના મહત્વનું યોગદાન આપવા બદલ સરકાર દ્વારા તેમના આ એવોર્ડ એનાયત થઈ શકે છે. અનેરી મહેતાને અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૯ જેટલા ગોલ્ડન, ૫ સિલ્વર અને ૧ બ્રોન્ઝ એવોર્ડ એનાયત થયા છે. જયારે રાષ્ટ્રીય કક્ષાએ ૧૧ ગોલ્ડ, ૧૦ સિલ્વર અને ૯ બ્રોન્ઝ એવોર્ડ મળ્યા છે. અનેરી મહેતા સ્કેટીંગ, ભારતીય નૃત્યમાં પણ રસ ધરાવે છે. આ અગાઉ ૨૦૧૨માં અનેરી મહેતાને રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીના હસ્તે એકલવ્ય એવોર્ડ આપવામાં આવ્યો હતો. અનેરી મહેતા છ વર્ષની ઉંમરથી યોગની શરૂઆત કરી હતી. એપ્રિલ૨૦૧૭માં તેમણે મેક વર્લ્ડ ફિટ એન્ડ હેલ્થૈ મિશનની શરૂઆત કરી હતી. આ મિશન થકી લોકોને પોતાના આરોગ્ય માટે જાગૃત કર્યા હતા. દરેક વ્યક્તિ યોગ કરવા આગળ આવે તે માટે અનેરી મહેતા દ્વારા પુષ્કળ પ્રયત્નો કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય કક્ષાના યોગ એસોસિએશન દ્વારા દેશના ગૌરવવંતા પદ્મશ્રી એવોર્ડ માટે નોમીનેટ કરાઇ છે. અનેરી મહેતા કહે છે કે, અનિયમિત ખોરાક અને કસરતના અભાવના કારણે વ્યક્તિના શરીરમાં બીમારીનો પ્રવેશ થતો હોય છે. તેમના થકી યોગ માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે ત્રણ વિવિધ ભાષા અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં સોશિયલ મીડિયાના ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન સાથે લગભગ ૭ હજાર લોકો જોડાયેલા છે. તાજેતરમાં અનેરી મહેતાનું સગપણ કપડવંજમાં વેપારી પુત્ર હર્ષ સોની સાથે થયું છે.

**અનેરી મહેતાને અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક એવોર્ડઝ મળ્યા છે**

# પાંચ આઈઆઈટીમાં મહિલાઓને ફી માફી આપવાની વિચારણા

આઇઆઇટી મંડીએ ફી માફીના નિર્ણયમાં આગેવાની લીધી છે અને વર્તમાન સેમિસ્ટરના પ્રારંભથી તમામ વિદ્યાર્થીનીઓ માટે માસિક રૂ.૧,૦૦૦ની સ્કોલરશિપ સાથે ફી માફીને મંજૂરી આપી છે. નિર્ણય માત્ર નવા જ નહીં, અત્યારે ભણી રહેલા વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે.

આઇઆઇટી મંડીના ડિરેક્ટર તિમોથી એ ગોન્ઝાલ્વેસે જણાવ્યું હતું કે, અમારા બી ટેક પ્રોગ્રામની તમામ ૩૦ વિદ્યાર્થીનીને ચાલુ વર્ષે વર્તમાન સેમિસ્ટરના પ્રારંભથી જ ફી માફી અને સ્કોલરશિપનો લાભ મળશે. આઇઆઇટી મંડીના ૫૦૦ બી ટેક વિદ્યાર્થીમાંથી ૩૦ મહિલા છે.

૨૦૧૬માં તમામ ઈઈઝતની કુલ ૧૦,૫૦૦ વિદ્યાર્થીમાંથી મહિલા વિદ્યાર્થીની સંખ્યા માત્ર ૮૩૦ હતી. આઇઆઇટી દિલ્હીના આંતરિક અભ્યાસ પ્રમાણે કેમ્પસમાં સમાન તક મળે તો મહિલા વિદ્યાર્થીઓનું પ્રદર્શન વધુ સારું રહે છે. ૨૦૧૫ સુધીના ૧૩ વર્ષમાં જેઇઇ (એડવાન્સ્ડ)માં નીચા રેન્કિંગ છતાં મહિલાઓએ પુરુષો કરતાં સરેરાશ એક ગ્રેડ પોઇન્ટ વધુ મેળવ્યો હતો.

આઇઆઇટી દિલ્હીના ફેકલ્ટી મેમ્બર રવિન્દર કૌરે જણાવ્યું હતું કે, પુત્રના શિક્ષણમાં વધુ રોકાણ કરવાની એક માનસિકતા છે. કોચિંગ અને ઈઈઝત ખાતે એન્જિનિયરિંગના ફન્ડિંગની બાબતમાં મહિલાઓને સ્પર્ધાની યોગ્ય તક મળતી નથી.

સામાન્ય રીતે જનરલ કેટેગરીના અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓની ફી સેમિસ્ટર દીઠ લગભગ રૂ.૧ લાખ અને સમગ્ર પ્રોગ્રામ માટે રૂ.૮૧૦ લાખ હોય છે. ચાલુ વર્ષે ઉં એડવાન્સ્ડ માટે લાયક વિદ્યાર્થીઓમાં મહિલાઓનું પ્રમાણ માત્ર ૧૪ ટકા છે અને આઇઆઇટીની ધારણા પ્રમાણે અગાઉની જેમ ૧૪ ટકામાંથી અમુક મહિલાઓ જ પ્રોગ્રામમાં જોડાશે.

દિલ્હી, વારાણસી, મુંબઈ અને રોપરની શાળાઓ મહિલા વિદ્યાર્થીઓની ફી માફીની તરફેણમાં છે. આઇઆઇટી રોપરના ડિરેક્ટર સરિત કે દાસેઝને જણાવ્યું હતું કે, અમે આગામી વર્ષથી મહિલા વિદ્યાર્થીનીઓની ફી માફ કરવાનું વિચારીશું.

મહિલાઓ વિદ્યાર્થીઓની સંખ્યામાં વૃદ્ધિના પ્રૅને ગંભીરતાથી લેવો જોઇએ. ઈઈઝ ખડગપુરના પ્રોફેસર સુદેશણા સરકારના મતે મહિલા વિદ્યાર્થીઓની ફી માફ કરવાથી તેમની સંખ્યામાં વધારો થશે. અન્ય કેટલાક સૂચનમાં દરેક આઇઆઇટીમાં બી ટેક પ્રોગ્રામ માટે મર્યાદિત સમય સુધી મર્યાદિત સંખ્યામાં સુપરન્યુમરરી સીટ ઉભી કરવાનો સમાવેશ થાય છે. ભલામણ અનુસાર આ બેઠક પર જેઇઇ(એડવાન્સ્ડ) દ્વારા ક્વોલિફાય થયેલી વિદ્યાર્થીનીઓને જ પ્રવેશ આપવાનો પ્રસ્તાવ છે.

**પગલાંનો હેતુ આઇઆઇટીમાં પુરુષોની તુલનામાં મહિલાઓની સંખ્યામાં વધારો કરવાનો છે**

# ધોરણ ૧૨ સાયન્સની ઉત્તરવહી ચકાસણીમાં ભૂલ કરનારા ૪૪૪ શિક્ષકને ૩,૪૦,૦૦૦ નો દંડ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૨ સાયન્સની પરીક્ષામાં ઉત્તરવહી ચકાસણીમાં ભૂલ કરનારા ૪૪૪ શિક્ષકોની સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જુદા જુદા પ્રકારની ભૂલો કરનારા આ શિક્ષકો પાસેથી અંદાજે ૩ લાખ ૪૦ હજાર રૂપિયા દંડ ફટકારવામાં આવ્યો છે.

ધો.૧૨ સાયન્સની પરીક્ષામા ઉત્તરવહી ચકાસણીની કામગીરી પૂર્ણ થાય બાદ બોર્ડ દ્વારા નિયમ પ્રમાણે શિક્ષકોએ ચકાસણી કરી હોય તે ઉત્તરવહીની ફેર ચકાસણી એટલે કે ટેલી કરાય છે. આ કામગીરીમાં અનેક શિક્ષકો કુલ માર્કસ અને અંદર ઉત્તરવહીમાં મુકેલા માર્કસમાં ભૂલ કરી હોવાનું બહાર આવ્યું હતું. પરીક્ષા પહેલા જ બોર્ડ દ્વારા ઉત્તરવહી ચકાસણીની કામગીરી કરનારા શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવાની જાહેરાત કરી હતી. જે પ્રમાણે પરિણામ જાહેર થાય તે પહેલા જ અનેક શિક્ષકોએ ઉત્તરવહી ચકાસણીમાં ભૂલો કરી હોવાની વિગતો બહાર આવી હતી. જે પૈકી ૪૪૪ શિક્ષકોને રૂબરૂમાં બોલાવીને સુનાવણી હાથ ધરાઈ હતી. સૂત્રો કહે છે આ કાર્યવાહીમાં ૪૪૪ શિક્ષકોએ પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી. નોંધનીય છે કે બોર્ડે એક પ્રૅમાં ભૂલ કરનારા શિક્ષકો પાસેથી સરેરાશ ૫૦ રૂપિયાથી લઈને ૧૫૦ રૂપિયાનો દંડ વસૂલવાનું નક્કી કરાયું હતું. આ પ્રમાણે હાલમાં ૪૪૪ શિક્ષકો પાસેથી કુલ ૩ લાખ અને ૪૦ હજાર રૂપિયાની વસૂલી કરવામાં આવી હતી. જે શિક્ષકોએ પોતાની ભૂલ સ્વીકારી તેમાં અનેક શિક્ષકોએ તમામ પ્રૅ ચકાસ્યા બાદ તેનો સરવાળો કરીને મુખ્ય ઉત્તરવહીમાં લખવું જોઇએ તે લખવામાં ભૂલ કરી હતી. આ ઉપરાંત કેટલાક શિક્ષકોએ અંદર પ્રૅાની ચકાસણી કર્યા બાદ તેના માર્કસ જ મુકવાનું ભૂલી ગયા હતા. જો કે, આ શિક્ષકોએ કરેલી ભૂલ બોર્ડ દ્વારા પરિણામ પહેલા જ પકડી પાડવામાં આવી હતી જેના કારણે ધો.૧૨ સાયન્સના પરિણામમાં કોઇ અસર થઇ નહોતી.

# ટોપ ગ્લોબલ કરિયર્સ

**વિશ્વમાં હાલ સૌથી વધુ ડિમાંડમાં હોય તેવા અભ્યાસક્રમો કયા તે અંગે જુદી જુદી સંસ્થાઓ તેમજ વેબસાઇટ્સ પર કરવામાં આવેલા સરવેમાં કેટલાક બિનપરંપરાગત અભ્યાસક્રમો તેમજ અન્ય ફ્નટલાઈનર્સ ન કહી શકાય તેવા અભ્યાસક્રમો ટોપ ફાઈવની કેટેગરીમાં મૂકવામાં આવ્યા હતા. જેની સઘળી વિગતો અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.**

## ■ નેનો ટેકનોલોજી ■

આપણે ત્યાં ખાસ કરીને કારકિર્દી ઘડતરનો મુદ્દો ચર્ચાતો હોય ત્યારે નેનો ટેકનોલોજીની ચર્ચા બહુ ઓછી જોવા મળે છે. સામાન્ય લોકોમાં નેનો ટેકનોલોજી અંગે જાગૃતિ જણાય છે પરંતુ, કારકિર્દી પસંદગીની વાત આવે ત્યારે નેનો ટેકનોલોજીને પ્રાધાન્ય અપાતું નથી. એનું કારણ એ જ છે કે ગુજરાત સહિત ભારતમાં હજુ આ નેનો ટેકનોલોજીનો વ્યાપ-વિસ્તાર બહુ મર્યાદિત વિકસીત થઈ શક્યો છે. બાકી માનવજીવનનું કલ્યાણ કરી શકે તેવી તાકાત નેનો ટેકનોલોજીમાં રહેલી છે.

**નેનો ટેકનોલોજી એટલે શું?:** નેનો ટેકનોલોજી શબ્દનો જન્મ ગ્રીક ભાષામાંથી થયો છે. જે રીતે ટાટા મોટર્સે નેનો કાર બહાર પાડી એ મોટરકાર સેગમેન્ટમાં કદાચ સૌથી નાની કાર હશે એ જ ગુણધર્મ નેનો ટેકનોલોજીમાં લાગૂ પડે છે. નેનો શબ્દને ટૂંકમાં અર્થ કે સારાંશ એટલે સૂક્ષ્મ, ટૂંકું, વામણું, ઠીંગણું વગેરે. ગણિત ભાષામાં કહીએ તો

નેનો ઇઝ ઇક્વલ ટૂ ૧૦ (૯) મીટર

એટલે કે

૧

---------------- મીટર

૧,૦૦૦,૦૦૦,૦૦૦

કોઈપણ પદાર્થનો અણું એક મીટરના દસમાં ભાગ જેટલું કદ ધરાવે છે

## ■ જિનેટિક એન્જિનિયરિંગ ■

સાંપ્રત સમયમાં ધો.૧૨ સાયન્સમાં બી ગ્રુપ સાથે પસાર થતા વિદ્યાર્થીઓ પૈકી એક વર્ગ એવો હોય છે જેઓ મેડિકલને પણ પાછળ રાખીને જિનેટિક એન્જિનિયરિંગની પસંદગી કરતા હોય છે. ગુજરાતમાં હજુ સુધી જિનેટિક એન્જિનિયરિંગનું અન્ડર ગ્રેજ્યુએટ કક્ષાનું જ્ઞાન આપતી એકેય સંસ્થા નથી.

જિનેટિક એન્જિનિયરિંગ એટલે માનવ શરીરમાં રહેલા જિનેટિક્સનું મોડિફીકેશન. હાલમાં ખૂબ પ્રચલિત ડીએનએ ટેકનોલોજી જિનેટિક એન્જિનિયરિંગની દેન છે. જિનેટિક એન્જિનિયરિંગ તબીબી ક્ષેત્ર ઉપરાંત બાયો મેડિકલ, કૃષિથી શરૂ કરીને અસંખ્ય ક્ષેત્રોમાં સંશોધન માટે વપરાય છે. વિદેશોમાં જિનેટિક એન્જિનિયર્સને વૈજ્ઞાનિકનો દરજ્જો અપાય છે. ભારતમાં પણ હવે કેન્દ્ર અને રાજ્ય સરકારે જિનેટિક એન્જિનિયરિંગને પ્રોત્સાહન આપી રહી છે.

માનવશરીર કે અન્ય સજીવ સૃષ્ટિના વિવિધ ઓર્ગેઝમ પર વિવિધ પ્રકારના સંશોધન કરીને તેને ઉપયોગ દવા બનાવવા માટે થઈ રહયો છે. માનવ ક્લોનિંગ અને સ્ટેમશેલ રિસર્ચ જેવા ક્ષેત્રો પણ જિનેટિક એન્જિનિયરિંગમાં સમાવિષ્ટ છે.

સાંપ્રત સમયમાં જિનેટિક એન્જિનિયરિંગનો વિશાળ પ્રમાણમાં ઉપયોગ ઇન્સ્યુલિનનું ઉત્પાદન કરવામાં, હ્યુમન ગ્રોથ હોર્મોન બનાવવામાં, ફોલિસ્ટીમ, વંધ્યત્વ નિવારવામાં, હ્યુમન એલ્બુમિન, મોનોક્લોનિકલ એન્ટિ બોડિઝ, એન્ટિહેમોફિલિક ફેક્ટર્સ, રસીઓ તૈયાર કરવામાં અને બીજી જીવન જરૂરી અને લાઇફ સપોર્ટ ડ્રગ્સ બનાવવામાં થઈ રહયો છે.

## ■ મેટલર્જીકલ એન્જિનિયરિંગ ■

મેટલર્જીકલ એન્જિનિયરિંગ એ ઇજનેરી વિદ્યાશાખાની ખૂબ અગત્યની બ્રાન્ચ કહેવાય છે. વિવિધ પ્રકારના મેટલ્સ (ધાતુઓ) પર ભૌતિક અને રાષાયણિક પ્રક્રિયા અન્વયે કેવા પ્રકારના પરીણામો મેળવી શકાય એ સહિત વિવિધ ધાતુઓના ઇન્ટર મેટલિક કમ્પાઉન્ડસ, તેના સંમિશ્રણો કે જેને એલોયઝ કહેવાય છે એ તમામ પ્રકારના અભ્યાસનો સમાવેશ મેટલર્જીકલ એન્જિનિયરિંગમાં કરવામાં આવે છે. મેટલર્જીકલ એન્જિનિયરિંગ ત્રણ પ્રકારની કેટેગરીમાં વહેંચવામાં આવે છે. જેમાં ૧) ફિઝિકલ મેટલર્જી ૨) એક્સ્ટ્રેક્ટિવ અને ૩) મિનરલ પ્રોસેસિંગનો સમાવેશ થાય છે.

**ધો.૧૨ કોમર્સ ભણ્યા પછી જે કોલેજો અગર તો અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા (એન્ટ્રન્સ ટેસ્ટ, એપ્ટીટ્યૂડ ટેસ્ટ, એડમિશન ટેસ્ટ) આપવી પડતી હોય છે એવી કોલેજો કે અભ્યાસક્રમો વેલ્યુએબલ ગણવામાં આવે છે. અત્યાર સુધી એવી માન્યતા હતી કે પ્રવેશ પરીક્ષાઓ ફક્ત ધો.૧૨ સાયન્સ પછી જ લેવાતી હોય છે પરંતુ, હાલમાં જોવા જઈએ તો ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે પણ પ્રવેશ પરીક્ષાઓ અત્યંત જરૂરી થઈ પડે છે. ધો.૧૨ કોમર્સ પછી કેવી પ્રવેશ પરીક્ષાઓ હોય છે તેની સઘળી વિગતો અત્રે પ્રસ્તુત કરીએ છીએ.**

# ધો.૧૨ કોમર્સ પછીની પ્રવેશ પરીક્ષાઓ

## આઈઆઈએમ ઈન્દૌર આઈ.પી.એમ. કોર્સ માટે

ઘણાં વાલીઓ અને વિદ્યાર્થીઓને એવી જ માન્યતા હોય છે કે આઈઆઈએમમાં ભણવું હોય તો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સમાં જ પ્રવેશ લેવો પડે અને તેના માટે કોમન એડમિશન ટેસ્ટ (સી.એ.ટી.) કેટ આપવી પડે. પરંતુ, ઘણાં ઓછા વાલીઓ અને વિદ્યાર્થીઓને જાણકારી હોય છે કે આઈ.આઈ.એમ. ઈન્દૌર ખાતે ધો.૧૨ સાયન્સ કે કોમર્સની પરીક્ષા આપનાર કે આપી ચૂકેલા વિદ્યાર્થીઓ માટે આઈ.પી.એમ. નામનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. પાંચ વર્ષનો આ ઈન્ટીગ્રેટેડ કોર્સ છે અને તેમાં પ્રવેશ માટે દર વર્ષે મે માસમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. જેને આઈઆઈએમ ઈન્દૌર આઈ.પી.એમ. એન્ટ્રન્સ ટેસ્ટ કહેવામાં આવે છે. આ પરીક્ષા કુલ ૧૦૦ માર્કસની હોય છે જેના માટે ૨ કલાક આપવામાં આવે છે. ખરા જવાબ માટે ચાર માર્કસ અને ખોટો જવાબનો એક માઈનસ માર્ક હોય છે.

**રજિસ્ટ્રેશન એપ્રિલ-૨૦૧૮**
**પરીક્ષા મે-૨૦૧૮**

## યુગેટ (અન્ડર ગ્રેજ્યુએટ એડમિશન ટેસ્ટ)

ગુજરાતમાં નિરમા યુનિવર્સિટી પોતાના મેનેજમેન્ટ કોર્સ માટે તેમજ દેશભરમાં સેંકડો યુનિવર્સિટીઓ અને કોલેજો પોતાના ધો.૧૨ પછી પ્રવેશપાત્ર હોય તેવા મેનેજમેન્ટના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યુગેટનો સ્કોર વેલિડ ગણે છે. ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસીએશન, નવી દિલ્હી દ્વારા ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે યુગેટ નામની પરીક્ષા દર વષે દેશવ્યાપી ધોરણે યોજે છે. આ પરીક્ષા એવા વિદ્યાર્થીઓ પણ આપી શકે છે જેમણે ધો.૧૨ કોમર્સની પરીક્ષા આપી હોય છે.

**રજિસ્ટ્રેશન એપ્રિલ-૨૦૧૮**
**પરીક્ષા મે-૨૦૧૮**

## પીડીપીયુ એન્ટ્રન્સ ટેસ્ટ

પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ લિબરલ સાયન્સ નામની કોલેજ ચાલે છે જે ધો.૧૨ કોમર્સ અને આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા અભ્યાસક્રમો ચલાવે છે. પી.ડી.પી.યુ. પોતાના ધો.૧૨ કોમર્સ પછી પ્રવેશપાત્ર હોય તેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ કાર્યવાહી માટે પોતાની રીતે પ્રવેશ પરીક્ષા દેશવ્યાપી ધોરણે લે છે જેને પી.ડી.પી.યુ. પ્રવેશ પરીક્ષા કહેવામાં આવે છે. આ પરીક્ષાની સઘળી માહિતી પી.ડી.પી.યુ.ની વેબસાઈટ પરથી ઉપલબ્ધ બની શકે છે.

**રજિસ્ટ્રેશન પ્રોસેસ માર્ચ-એપ્રિલ ૨૦૧૮**
**પ્રવેશ પરીક્ષા મે ૨૦૧૮ અંતમાં**

## કોમન લો એપ્ટીટ્યુડ ટેસ્ટ (ક્લેટ)

દેશભરમાં જુદા જુદા રાજ્યોમાં પથરાયેલી નેશનલ લૉ યુનિવર્સિટીઓ ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે ધો.૧૨ સફળતાપૂર્વક પાસ કર્યા પછી પાંચ વર્ષનો એલએલ.બી.નો ઈન્ટિગ્રેટેડ કોર્સ ચલાવે છે. સામાન્ય રીતે એલએલ.બી.નો અભ્યાસ કરવો હોય તો ધો.૧૨ પછી ગ્રેજ્યુએશનના ત્રણ વર્ષ અને ગ્રેજ્યુએશન પછી એલએલ.બી.ના ત્રણ વર્ષ એમ એલએલ.બી. થતાં ધો.૧૨ પછી છ વર્ષ થાય છે. પરંતુ, દેશની નેશનલ લૉ યુનિવર્સિટીઓ પાંચ જ વર્ષમાં એલએલ.બી.ની ડિગ્રી આપે છે. આ ૧૫ લૉ યુનિવર્સિટીઓમાં ધો.૧૨ પછી પ્રવેશ માટે એક પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. જેને કોમન લૉ એપ્ટીટ્યુડ ટેસ્ટ નામ આપવામાં આવે છે. આ પરીક્ષા દર વર્ષે યોજાય છે અને એ દેશના જુદા જુદા ૨૪થી વધુ શહેરોમાં યોજાય છે.

**મે ૨૦૧૮**

## નાટા (નેશનલ એપ્ટીટ્યુડ ટેસ્ટ ઈન આર્કિટેક્ચર)

બી.આર્કિટેક્ચર અભ્યાસક્રમમાં ધો.૧૨ સાયન્સમાં મેથેમેટિક્સ કે ધો.૧૨ કોમર્સમાં આંકડાશાસ્ત્ર (સ્ટેટેસ્ટિક્સ) વિષય સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પ્રવેશ પાત્ર છે. દેશભરમાં આવેલી આર્કિટેક્ચર અભ્યાસક્રમ ચલાવતી (નેશનલ ઈન્સ્ટિટ્યુટ્સ સિવાય) કોલેજોમાં બી.આર્ક. અભ્યાસક્રમના પહેલા સેમેસ્ટરમાં પ્રવેશ માટે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર દ્વારા નાટા (નેશનલ એપ્ટિટ્યુડ ટેસ્ટ ઈન આર્કિટેક્ચર) નામની પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષા દેશવ્યાપી ધોરણે લેવામાં આવે છે. અને દર વર્ષે તા.૧૫મી માર્ચથી તેના રજિસ્ટ્રેશન ઓનલાઈન શરૂ થાય છે અને ૨૦૧૭ના વર્ષથી ફક્ત એક દિવસ માટે આ પરીક્ષા ઓનલાઈન લેવાનું શરૂ કરાયું છે. ૨૦૧૮માં પણ સંભવતઃ ફેબ્રુઆરીમાં રજિસ્ટ્રેશન અને એપ્રિલ ૨૦૧૮માં પરીક્ષા ફક્ત ઓનલાઈન લેવામાં આવે તેવી સંભાવના છે. બી.આર્ક. અભ્યાસક્રમમાં મેરિટ બનાવતી વખતે નાટા પરીક્ષાના ૫૦ ટકા અને ધો.૧૨ની માર્કશીટમાં પ્રેક્ટિકલ વગરના માર્કસના ૫૦ ટકા ભેગા કરવામાં આવે છે. ૨૦૧૮ ધો.૧૨ કોમર્સના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે અંતિમ વર્ષ રહેશે. ૨૦૧૯થી કોમર્સના વિદ્યાર્થીઓને આર્કિટેક્ચરમાં પ્રવેશ નહીં મળી શકે.

## એનપેટ (નરસી મોનજી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ પ્રોગ્રામ્સ આફટર ટ્વેલ્ફથ)

મહારાષ્ટ્રમાં આવેલી શૈક્ષણિક સંસ્થા નરસી મોનજી ઈન્સ્ટિટ્યુટ દેશ જ નહીં દુનિયાભરમાં ખ્યાતનામ છે. આ સંસ્થામાં ધો.૧૨ કોમર્સ પછી જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે એનપેટ (એન.પી.એ.ટી.) નરસી મોનજી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ પ્રોગ્રામ્સ આફટર ટ્વેલ્ફથ નામની પ્રવેશ પરીક્ષા દેશવ્યાપી ધોરણે લેવામાં આવે છે. આ પરીક્ષાનું રજિસ્ટ્રેશન ઓનલાઈન સંસ્થાની વેબસાઈટ પરથી થાય છે અને તેના સિલેબસ તેમજ અન્ય સઘળી બાબતો અહીં પ્રકાશિત કરવામાં આવે છે. એન.પેટના માર્કસના આધારે જ મેરિટ યાદી તૈયાર કરીને પ્રવેશ આપવામાં આવે છે.

**એપ્રિલ ૨૦૧૮થી શરૂ થશે**
**મે ના મધ્યમાં સંભવતઃ**

## એસેટ (એક્ચ્યુરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ)

એક્ચ્યુરીયલ સાયન્સ એક એવો અભ્યાસક્રમ છે જે કોરસપોન્ડસ બેઝ છે અને ફક્ત સેલ્ફ પ્રિપેરેશન થકી તેનો પાસ કરી શકાય છે. ધો.૧૨માં મેથ્સ અગર તો સ્ટેટેસ્ટીક્સ સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓ એક્ચ્યુરીયલ સાયન્સના ફેલો બનીને પ્રથમ લેવલની પરીક્ષા આપી શક છે. આ પરીક્ષાનું નામ એક્ચ્યુરી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (એ.સી.ઈ.ટી.) છે. એક્ચ્યુરીઝ ઈન્ડિયાની વેબસાઈટ પર આ અભ્યાસક્રમ તેમજ તેની પ્રવેશ કાર્યવાહીને લગતી સઘળી માહિતી રજૂ કરવામાં આવી છે.

**રજિસ્ટ્રેશન માર્ચ એપ્રિલ**
**એસેટ પરીક્ષા મે ૨૦૧૮**
**એસેટ રિઝલ્ટ જૂન ૨૦૧૮**


## ચાર્ટ અકાઉન્ટસી

### ફાઉન્ડેશન કોર્સ

ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ અભ્યાસક્રમમાં પહેલું ચરણ સી.પી.ટી. હતું જે હવે બદલાઈને સી.એ. ફાઉન્ડેશનમાં પરિવર્તિત પામ્યું છે. ફાઉન્ડેશન પરીક્ષાને સી.એ. બનવાનો પ્રવેશ ગેટવે પણ કહેવાય છે. સી.પી.ટી.ને સી.એ. બનવાનો પ્રવેશ ગેટવે પણ કહેવાય છે. સી.એ. ફાઉન્ડેશન પરીક્ષા દર વર્ષે જૂન માસ અને ડિસેમ્બર એમ બે વખત યોજાતી હોય છે. ફાઉન્ડેશન પરીક્ષાનું રજિસ્ટ્રેશન ધો.૧૦ પાસ કરનાર વિદ્યાર્થી કરી શકશે તેવું ૨૦૧૬ સુધી હતું પરંતુ, હવે ધો.૧૨ પછી જ ફાઉન્ડેશનની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન થઈ શકશે. ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટ ઓફ ઈન્ડિયા (આઈ.સી.એ.આઈ.)ની વેબસાઈટ પર ફાઉન્ડેશન પ્રવેશ પરીક્ષા અંગે તમામ વિગતો ઉપલબ્ધ છે.

**AcSIR** **ACADEMY OF SCIENTIFIC AND INNOVATIVE RESEARCH**
(Set up by an Act of Parliament, An Institution of National Importance)
**Headquarters:** Training & Development Complex, CSIR Campus, CSIR Road, Chennai-600 113
**Coordination Office:** CSIR-Human Resource Development Centre, Sector 19, Kamla Nehru Nagar, Ghaziabad, UP - 201002, INDIA, e-mail info@acsir.res.in

**AcSIR is a member of Association of Indian Universities, Association of Commonwealth Universities and listed on MHRD's website as an Institution of National Importance.**



**JOIN THE INSTITUTION THAT INSPIRES EDUCATION, RESEARCH & INNOVATION**

**Admissions January 2018 Session**

**Academy of Scientific and Innovative Research (AcSIR),** an Institution of National importance established by The Academy of Scientific and Innovative Research Act 2011, is mandated to undertake high quality teaching and advanced research in frontier areas of Science and Technology through its campuses spread across India in National Laboratories of Council of Scientific and Industrial Research (CSIR). For details please visit **http://acsir.res.in/our-campus**
The programs have been created with a view to maximize the number of qualified researchers and professionals of impeccable quality in the domain of Science & Engineering; and to equip them with the skills to innovate and conduct seamless interdisciplinary research. The faculty is highly accomplished, with inter- and multi-disciplinary interests and decorated with national and international awards and honors.

**Applications are invited for admission to the following programs:**
**Ph.D program in Science & Engineering**
**(i) Full Time; (ii) Sponsored; and (iii) Direct Ph.D for applicants having UG degree**

**Ph.D program in Science** are in the following areas:
**Biological Sciences** | **Chemical Sciences** | **Physical Sciences** | **Mathematical and Information Sciences**

Eligibility and other details are available at AcSIR website: **http://acsir.res.in** and websites of the participating CSIR Laboratories. Applications are accepted only through AcSIR Admission Portal.
**http://130.211.247.107/acsir/online-admission/portal/acsir-online-adm-portal/index.php#/**
The applicants short listed for Ph.D program shall be required to appear in the Aptitude Test/ Selection Interviews at the concerned CSIR Labs. No TA/DA is admissible for interview.

**Important Dates**
Online Admission Portal Already Open
Last date for submission of Online Form 26.10. 2017

**Note 1:** Reservation Policy applicable as per GoI rules.
**Note 2:** No separate call letter for Aptitude Test/Selection Interview will be dispatched. The shortlisted candidates are advised to plan their travel arrangements as per the schedule of admission notified on the website.
**Note 3:** For details, applicants are advised to visit the website http://acsir.res.in from time to time for important and related announcements.

અમેરિકાથી ઑસ્ટ્રેલિયા સુધી તમામ ઉંમરના લોકો છેલ્લા કેટલાક મહિનાથી એક નાનકડી ચકરડીને પોતાની આંગળીઓમાં ઘુમાવી રહ્યાં છે. ફિજેટ સ્પિનર તરીકે ઓળખાતા એ રમકડાથી રશિયાને અચાનક ડર લાગ્યો છે. એણે આ રમકડાને લોકોને ઝોમ્બી બનાવતું અને રાજકીય પ્રૉપગૅન્ડા નોતરતું હથિયાર કહ્યું છે. આવો જાણીએ કે રાતોરાત આ રમકડાએ આખી દુનિયાને કઈ રીતે પોતાના ભરડામાં લઈ લીધી છે

# ફિજેટ સ્પિનર આખી દુનિયાને ચકરાવે ચડાવતું સુદર્શન ચક્ર

**હજી બેએક મહિના સુધી કોઈને કલ્પના પણ નહોતી. ત્યાં જ જાણે આકાશમાંથી વરસી હોય તેમ ચારેકોર એક ત્રિકોણાકાર ચકરડી દેખાવા માંડી. નાનાં બાળકો તો ઠીક, મોટેરાં અને ખાસ કરીને ઑફિસ એક્ઝિક્યુટિવ્સ પણ ઍન્ગ્ઝાયટી દૂર કરી આપવાના દાવા સાથે વેચાતું એક રમકડું પોતાના હાથમાં ફેરવતા જોવા મળી રહ્યા છે. એ રમકડું એટલે ફિજેટ સ્પિનર. એમાં કુલ ચાર બૉલબેરિંગને ત્રિકોણાકારે ગોઠવીને એક પ્લાસ્ટિકની ફ્રેમમાં ફિટ કરવામાં આવે છે. ત્રિકોણના કેન્દ્રમાં રહેલા બેરિંગ પર એક નાનકડું પૅડ ફિટ કરેલું હોય છે. એના પર પહેલી આંગળી અને અંગૂઠો મૂકીને એ ચકરડીને ફેરવવાની. બેરિંગને કારણે ઘર્ષણ અત્યંત ઓછું થઈ જાય છે અને આથી જ આ સ્પિનર બે કે ચાર મિનિટ સુધી ફરતું રહે છે. કહે છે કે ફિજેટ સ્પિનર તરીકે ઓળખાતી આ ચકરડી ફેરવ્યા કરવાથી ઍન્ગ્ઝાયટી ઓછી થાય છે, સ્ટ્રેસ ઘટે છે અને એકાગ્રતા વધે છે. આ વાતમાં કેટલી સચ્ચાઈ છે એની વાત આગળ ઉપર કરીશું. પરંતુ થયું એવું કે આ વર્ષની શરૂઆતથી અચાનક એનો ક્રેઝ ફાટી નીકળ્યો. એપ્રિલમે મહિનો આવતાંઆવતાં તો આખી દુનિયા એના ક્રેઝમાં જકડાઈ ગઈ. ટ્વિટર પર દિવસો સુધી ફિજેટ સ્પિનરની જ ચર્ચા થઈ અને એ ટ્રેન્ડિંગ ટૉપિકમાં ઝબૂકતું રહ્યું. ઍમેઝૉન જેવા ગ્લોબલ ઑનલાઈન સ્ટોર પર એ સોલ્ડઆઉટ થઈ ગયું. એના સોલ્ડઆઉટ થવાનું બીજું એક કારણ એ પણ હતું કે આ ફિજેટ સ્પિનર તદ્દન સસ્તું અને કોઈ પણ જાતની હાઈટેક સર્કિટો વિનાનું પ્યૉર મેકૅનિકલ રમકડું હતું. જૂન મહિનો આવ્યો અને ધીમે ધીમે આ રમકડાનો ક્રેઝ શાંત પડવા લાગ્યો. આ પ્રકારના ગ્લોબલ ક્રેઝને ધ્યાનથી જોતાં લોકો ફિજેટ સ્પિનર માટે ભૂતકાળમાં વાતો કરવા માંડ્યા હતા ત્યાં જ આ અઠવાડિયે રશિયાએ મમરો મૂકીને આ રમકડાને રાજકારણ સાથે જોડી દીધું.**

## ફ્રૉમ રશિયા વિથ સ્ટ્રેસ

થોડા દિવસ પહેલાં રશિયાની સરકારી ન્યુઝ ચૅનલ રશિયા ૨૪માં એક વિસ્તૃત રિપોર્ટ પ્રસારિત થયો કે રશિયાની ઑપોઝિશન પાર્ટીઓ યુવાનોને ભોળવીને પોતાનામાં સામેલ કરવા માટે ફિજેટ સ્પિનરનો ઉપયોગ કરી રહી છે. ત્યાંના વિરોધ પક્ષના એક નેતા (અને વર્તમાન રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના ટીકાકાર) ઍલેક્ઝેઇ નેવેલ્નીની જાહેરસભામાં ફિજેટ સ્પિનર વહેંચવામાં આવ્યાં હતાં. ચેનલનું ઑબ્ઝર્વેશન હતું કે જાતભાતના યુટ્યુબ વિડિયોઝ અપલોડ કરીને યુવાનોને આ ગૅજેટ તરફ અને સરવાળે પશ્ચિમી દેશો તરફ લલચાવવામાં આવી રહ્યા છે. તેમનું માનવું છે કે અમેરિકા જેવા દેશોમાં જ્યારે આ ગૅજેટનો ક્રેઝ ઓસરી રહ્યો છે ત્યારે રશિયામાં એ કેમ આટલું બધું પૉપ્યુલર છે? એ પહેલાં ૧૨ જુલાઈએ આ જ ન્યુઝ ચૅનલે બીજો એક રિપોર્ટ પ્રસારિત કરીને કહ્યું કે ફિજેટ સ્પિનર્સ વ્યક્તિ પર એક પ્રકારનું હિપ્નોટિઝમ કરે છે અને માણસને ઝોમ્બી એટલે કે જીવતી લાશમાં કન્વર્ટ કરી દે છે. આ વાત સાબિત કરવા માટે તેમણે સ્ટુડિયોમાં એક રશિયન સાઈકોલૉજિસ્ટને પણ બેસાડ્યા હતા. ટૂંકમાં તારણ એવું કે ફિજેટ સ્પિનર્સ અમેરિકન વિચારસરણી રશિયામાં ઘુસાડવાનું પ્રૉપગૅન્ડા ટૂલ છે અને એની મદદથી રશિયન યુવાનોને વશમાં કરાઈ રહ્યા છે. હવે આ વાતમાં કેટલું તથ્ય છે એ તો ચર્ચા અને સંશોધનનો વિષય છે, પરંતુ રશિયામાં ફિજેટ સ્પિનરની જબરદસ્ત લોકપ્રિયતા છે એ વાતનો ઈનકાર થઈ શકે એમ નથી. ત્યાંના યુવાનો ફિજેટ સ્પિનર્સ સાથે જાતભાતના અખતરા કરીને વિડિયોઝ સોશ્યલ મીડિયા પર અપલોડ કરી રહ્યા છે. કોઈ ફિજેટ સ્પિનર્સને પોતાના બાવડા પર ફેરવે છે, કોઈ એની સાથે ઍક્રોબેટિક ડાન્સ કરે છે તો કોઈ ફટાકડા સાથે ફિજેટ સ્પિનર્સ બાંધીને ઉંબાડિયાં કરી રહ્યું છે. અરે, અમુક નમૂનાઓએ તો ત્રણ અલગઅલગ રંગની મોટરગાડીઓને અડધી કાપી, એને ફિજેટ સ્પિનરના આકારમાં વેલ્ડિંગ કરીને જોડી અને પછી ફિજેટ સ્પિનરની જેમ ફેરવી હતી. ક્યાંકથી કઉ લાઈટોવાળાં ફિજેટ સ્પિનર ફાટ્યાં હોવાના ન્યુઝ પણ આવ્યા.

## ફિજેટ ક્યુબ

ફિજેટ સ્પિનરની રાતોરાત આસમાનને આંબી ગયેલી સફળતા પછી ઍન્ટ્સી લેબ્સ નામની કંપનીએ ફિજેટ ક્યુબ નામનું નાનકડું રમકડું પણ બહાર પાડ્યું છે. આ રમકડું સ્પિનરની જેમ ગોળાકારે ફરતું નથી, પરંતુ એ માણસના ફિજેટિંગની ટેવને કાબૂમાં જરૂર લાવે છે. દેખાવમાં એ મોટી સાઈઝના રમકડાના પાસા જેવું છે. એમાં એક તરફ એક સ્વિચ, એક ખોલબંધ થઈ શકે એવું જૉયસ્ટિક સ્ટાઈલનું બટન, સતત ફરતી રહે એવી ચકરડીઓ, મસ્ત લીસી ફીલિંગ આપતો એક મોટી સાઈઝનો સ્ટીલનો બૉલ, દબાવી શકાય એવાં બટન વગેરે ફિટ કરેલું છે. આમાંની કોઈ સ્વિચ કે બટન દબાવવાથી કોઈ લાઈટપંખા ઑનઑફ થતા નથી, પરંતુ એક અજીબ પ્રકારનો સંતોષ મળે છે. રસપ્રદ વાત એ છે કે ઍક્ચ્યુઅલી કશા જ કામમાં ન આવતું હોવા છતાં આ ફિજેટ ક્યુબના ઉત્પાદન માટે કંપનીએ જ્યારે નાણાં એકઠાં કરવા માટે ક્રાઉડફન્ડિંગ વેબસાઈટ કિકસ્ટાર્ટર પર ધા નાખી ત્યારે એ કિકસ્ટાર્ટરના ઈતિહાસમાં સૌથી વધુ ભંડોળ મેળવનારું દસમું સ્ટાર્ટઅપ બની ગયું.

રશિયા કહે છે એમ ફિજેટ સ્પિનર અમેરિકાની કૉન્સ્પિરસી હોય કે નહીં અથવા તો એ સ્ટ્રેસ વગેરે દૂર કરતું હોય કે નહીં એ કહેવું તો મુશ્કેલ છે. એનો ગ્લોબલ ટ્રેન્ડ પણ આ વર્ષાંતે સુધીમાં શમી જશે એ વાત પણ લગભગ નક્કી જેવી જ છે. પરંતુ અત્યારે એકદમ કન્ફર્મ કહી શકાય એવી વાત એ છે કે આ પૃથ્વી એક ધરી પર ફરે છે, એ જ રીતે ફિજેટ સ્પિનર પણ આખી દુનિયાને તેમની જ આંગળીઓ પર ફેરવી રહ્યું છે. એટલી આનંદની વાત છે કે સ્માર્ટફોનની સ્ક્રીનની પેલે પાર, કોઈ પણ જાતની ઈલેક્ટ્રૉનિક સર્કિટ ન ધરાવતું એક સિમ્પલ રમકડું અત્યારે એકવીસમી સદીમાં પણ લોકપ્રિય થયું છે.

ફિજેટ સ્પિનરની ઓળખ માટે ઘણા શબ્દો વપરાય છે, જેમ કે એ યુઝલેસ મશીન છે, ઑફિસ ટૉય છે કે પછી સ્ટ્રેસબસ્ટર છે. જરા કપાળે છાજલી બનાવીને વિચારીએ તો દેખાય કે આવાં તો કેટલાંય નાનકડાં ટૉય્ઝ આવીને આપણી લાઈફમાં ગોઠવાઈ ગયાં છે અથવા તો વિદાય પણ લઈ ચૂક્યાં છે.



## આખી દુનિયા ક્રેઝી, પણ શોધકને ઠેંગો?

અત્યારે આપણને ઑનલાઈન સ્ટોર્સથી લઈને ટ્રાફિકમાં ભા રહીને વસ્તુઓ વેચતા ફેરિયાઓ સુધી ચારે કોર ફિજેટ સ્પિનર્સ ફેલાયેલાં દેખાય. પરંતુ રસપ્રદ વાત એ છે કે આ રમકડું લગભગ અઢી દાયકા જૂનું છે. અમેરિકાના ફ્લૉરિડામાં રહેતાં કૅથરિન હેટિંજર નામનાં ૬૨ વર્ષનાં બહેને નાણાભીડને કારણે પોતાનું મોટું ઘર વેચીને નાનો ફ્લૅટ ખરીદ્યો છે. તેઓ હજી નિર્ણય નથી લઈ શક્યાં કે એમણે ટેલિફોનનું નવું કનેક્શન લેવું કે પછી એવો ખોટો ખર્ચો કરવાને બદલે મોબાઈલનું જૂનું કનેક્શન ચાલુ રાખવું? એક વ્યવસ્થિત સેકન્ડહૅન્ડ કાર ખરીદવાનું પણ તેઓ વિચારી રહ્યાં છે. ફિજેટ સ્પિનર્સમાંથી આ બહેનની દુઃખભરી દાસ્તાન શરૂ થઈ હતી, આ કૅથરિન હેટિંજર જ ફિજેટ સ્પિનરનાં શોધક છે. ઍટ લીસ્ટ બ્રિટનના ‘ધ ગાર્ડિયન અને અમેરિકાના ‘ન્યુ યૉર્ક પોસ્ટ જેવાં પ્રતિષ્ઠિત દૈનિકો તો એવું જ કહે છે.

વાત છે ૧૯૯૩ના ઉનાળાની. એ અરસામાં કૅથરિન હેટિંજરની માયસ્થેનિઆ ગ્રેવિસની તકલીફ વધી ગઈ. માયસ્થેનિઆ ગ્રેવિસ એવો ઑટોઈમ્યુન ડિસઑર્ડર છે, જે સ્નાયુઓને અત્યંત નબળા પાડી દે છે. હેટિંજર પોતાની સાત વર્ષની દીકરી સાથે રમી પણ ન શકે કે તેણે જ્યાં-ત્યાં વેરેલાં રમકડાં પણ એકઠાં ન કરી શકે. એટલે તેમણે પોતાનું કેમિકલ એન્જિનિયરિંગમાં મેળવેલું જ્ઞાન કામે લગાડ્યું. તેમણે અખબારો અને સેલોટેપની મદદથી જુદાંજુદાં રમકડાંને સાથે રાખવાનું શરૂ કર્યું. એમાં જ તેમણે એક ફ્રિસ્બી ટાઈપની ડિશ અને અન્ય નાનીનાની વસ્તુઓને ભેગી કરીને સ્પિનિંગ ટૉય નામનું એક રમકડું તૈયાર કર્યું. એનું થોડું ઠીકઠાક વર્ઝન તૈયાર થયું અને પોતાની આ શોધમાં તેમને દમ જણાયો એટલે આ ડિઝાઈનને તેમણે પેટન્ટ કરાવી લીધી. ૧૯૯૭માં અમેરિકાની પેટન્ટ ઍન્ડ ટ્રેડમાર્ક ઑફિસમાંથી તેમને આ સ્પિનિંગ ટૉયની પેટન્ટ પણ મળી ગઈ. ઉડતી રકાબી જેવા દેખાતા આ રમકડાના વચ્ચેના ભાગમાં વ્યક્તિ પોતાની આંગળી ખોસીને એને ફેરવી શકતી હતી. કૅથરિને એક વેપારી પાસેથી સેકન્ડહૅન્ડ મશીન ખરીદ્યું અને પોતાના લૉન્ડ્રી રૂમમાં આ રમકડાનું ઉત્પાદન શરૂ કરી દીધું. ચારેક વર્ષ તેમણે આ રીતે આ સ્પિનિંગ ટૉયને આર્ટક્રાફ્ટ ફેર, ફનફેર વગેરેમાં વેચવાનું શરૂ કર્યું. થોડા સમયમાં જ તેમણે બે હજારથી પણ વધુ લોકોને આ રમકડું વેચવામાં સફળતા મેળવી અને એમાં પોતે રોકેલાં નાણાં પણ નીકળી ગયાં. મતલબ કે હેટિંજર નફો કરતાં થઈ ગયાં. આ સ્પિનિંગ ટૉય વેપારી ધોરણે સમગ્ર વિશ્વમાં વેચવા માટે કૅથરિન હેટિંજરે રમકડાં બનાવતી મલ્ટિનૅશનલ કંપની હેસ્બ્રોનો સંપર્ક કર્યો. હેસ્બ્રોએ આ રમકડાનું વ્યાપારી ધોરણે ઉત્પાદન ફાયદાકારક છે કે કેમ એ તપાસ્યું અને પછી અચાનક નનૈયો ભણી દીધો. એમાં તેમને કશો દમ જણાયો નહીં.

**સ્ટ્રસ બાલ :** પાળા રગના સ્માઇલાવાળા સ્પન્જના દડા યાદ છન! બસ, અ જ સ્ટ્રસ બાલ. અના શરૂઆત ક્યાથા અને કેવી રીતે થઈ એ તો કહેવું અશક્યવત્ છે. પરંતુ સાતેક સેન્ટિમીટરનો વ્યાસ ધરાવતો એ પોચો દડો હાથમાં આવ્યા પછી સતત દબાવવાનું મન થાય અને એ રીતે એ આપણા હાથના સ્નાયુઓને રિલૅક્સ કરે, કસરત કરાવે અને વધારાની એનર્જી ઍન્ગ્ઝાયટીને પણ વહાવી દે. હવે તો આવા સ્ટ્રેસ બૉલ માગો એ આકારમાં ઉપલબ્ધ છે.

**વરી સ્ટોન :** આ એક નાનકડો સહેજ ખાડો ધરાવતો ચપટો લીસો પથ્થર છે. એના ખાડા પર અંગૂઠો અને પાછળની બાજુએ આંગળી ફેરવતા રહેવાનું. ગ્રીસ, તિબેટ, આયરલૅન્ડ વગેરે દેશોમાં સૈકાઓથી આવા વરી સ્ટોન નખ ચાવવા, હોઠ કરડવા કે માથું ખંજવાળવા વગેરે કુટેવો દૂર કરવા માટે પ્રિસ્ક્રાઈબ થતા આવ્યા છે.

**ન્યુટન્સ ક્રૅડલ :** એકએકને અડીને પાતળી દોરી સાથે પાંચેક ગોળા હીંચકાની જેમ બાંધેલા હોય. કોઈ પણ એક છેડેનો ગોળો સહેજ ચકીને છોડી દો એટલે તમામ ગોળાઓ ધક્કો પાસ ઑન કરતા જાય અને આ ગોળાઓ લોલકની જેમ ફર્યા કરે. ર્જા રૂપાંતરણનો નિયમ મસ્ત રીતે સમજાવતા આ નાનકડા સાધનને મહાન વિજ્ઞાની આઈઝૅક ન્યુટનનું નામ અપાયું છે. અત્યારે એ સ્કૂલોમાં વપરાય છે એના કરતાં ક્યાંય વધુ ઑફિસોમાં એક્ઝિક્યુટિવ ટૉય કે ડેસ્ક ટૉય તરીકે વપરાય છે.

**રુબિક્સ ક્યુબ :** હંગેરિયન શોધક અર્નો રુબિકે તૈયાર કરેલો આ ક્યુબ આમ તો નામોલ્લેખ નહીં બલકે અલાયદા લેખનો વિષય છે. એના વિશ્વમાં ૩૫ કરોડથી પણ વધુ સત્તાવાર નંગ વેચાઈ ચૂક્યા છે. આ ક્યુબને આમતેમ ફેરવીને દરેક દિશાએ એક જ કલરના ચોરસ લાવી દેવાની ચૅલેન્જ ભલભલા લોકોને કલાકો સુધી બિઝી રાખે છે. એમાં જ એ સ્ટ્રેસ પણ દૂર કરે છે અને દિમાગ પણ તેજ કરે છે. વર્ષોથી આ ક્યુબ સૉલ્વ કરવાની વિશ્વકક્ષાએ સ્પર્ધાઓ પણ થતી રહે છે. સ્ટાન્ડર્ડ ૩ બાય ૩ બાય ૩ ને બદલે એનાં વધુ અઘરાં વર્ઝન પણ ઉપલબ્ધ છે.

**પિન આર્ટ :** વોર્ડ ફ્લેમિંગ નામના શોધકે બનાવેલું આ ઑફિસ ટૉય ટાઈમપાસના સાધનથી લઈને ઍનિમેશન ઈન્ડસ્ટ્રીમાં પણ વપરાતું આવ્યું છે. એક ફ્રેમમાં જથ્થાબંધ ખીલીઓને ઉભી અને એકબીજાની સમાંતરે ગોઠવવામાં આવે છે. ખીલીઓની ગોઠવણી એવી રીતે કરાઈ હોય છે કે નીચેથી ધક્કો મારતાં એટલી ખીલીઓ થોડી ઉપર આવે છે અને એક થ્રીડાઈમેન્શનલ આકૃતિ રચાય છે. પિનસ્ક્રીન તરીકે પણ ઓળખાતું આ ટૉય હૉલીવુડની ‘ટૉય સ્ટોરીઅને ‘એક્સમેનમાં પણ ચમકી ચૂક્યું છે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનો ગરબા-લોકનૃત્ય મહોત્સવ યોજાયો



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા વિતેલા પખવાડિયા દરમિયાન નવરાત્રી પર્વને અનુલક્ષીને ગરબા-લોકનૃત્ય મહોત્સવ ૨૦૧૭નું આયોજન શાનદાર રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં જુદી જુદી શાળાઓના શિક્ષકો-સ્પર્ધકોને સન્માનવામાં આવ્યા હતા. સુરત ઉત્તરના ધારાસભ્ય અને વિધાનસભાના દંડક શ્રી અજયભાઇ ચોક્સી, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઇ પટેલ તેમજ સભ્ય શ્રી પરિમલભાઇ ચાસીયા સ્પર્ધકનો સન્માનતા નજરે પડે છે.

# આઈપી સવાણી સ્કુલ ખાતે જિલ્લા કક્ષાની ૨૫મી બાળ વિજ્ઞાન પરિષદ યોજાઇ

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૭ પ્રોજેક્ટ ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન ટેકનોલોજી ગાંધીનગરના માર્ગદર્શન અને સહયોગથી અમલમાં છે. દર વર્ષની જેમ, ચાલુ વર્ષે સુરતમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રોસુરત સુરત દ્વારા કચેરી સુરત સહયોગથી આ પ્રોજેક્ટનું સંકલન અને અમલીકરણ કરવામાં કરવામાં આવ્યું હતું. ગઈ તા. ૨૬/૦૯/૨૦૧૭ના રોજ વરાછા વિસ્તારની આઈ. પી. સવાણી હાઈસ્કૂલ ખાતે જીલ્લા જીલ્લા કક્ષાનો ૨૫મો રાષ્ટ્રીય બાળવિજ્ઞાન પરિષદ-૨૦૧૭ આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લાની નોંધાયેલી ૫૦ શાળાઓ પૈકી લગભગ ૩૫ જેટલી પ્રાથ.માધ્ય. શાળાઓ તરફથી ઉંમર વર્ષના ૧૦-૧૪ અને ૧૪-૧૭ પાંચ-પાંચ વિદ્યાર્થીઓના ગ્રુપ(ટીમ)માં આપવામાં આપેલ મુખ્ય થીમ ટકાઉ વિકાસ માટે વિજ્ઞાન, પ્રાદ્યોગિક, નવીનીકરણ અને પેટા સાત વિષયો પર તૈયાર કરેલ સંશોધન અભ્યાસ પ્રોજેક્ટ્સ પ્રસ્તુત કર્યું હતું. આ સ્પર્ધામાં અભ્યાસ પોજેક્ટસ વિષય નિષ્ણાંત/નિર્ણાયકો સમક્ષ રજુ કર્યા. અને તે પૈકી ૧૦ જેટલા પ્રોજેક્ટ્સ પસંદ કરવામાં આવ્યા, જે આગની માસમાં ગુજકોસ્ટગાંધીનગર તરફથી યોજાનાર રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે. પરિણામ ટૂંક સમયમાં જાહેર થશે. ઉધ્ઘાટન કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી ઈશ્વરભાઈ સવાણી, જડ્જ કન્વીનર કૈલાશબેન પટેલ, એલ.પી.ડી. પુણાના આચાર્યશ્રી વિજયભાઈ પટેલ, સુરત શહેર શાળા સંચાલક મંડળના મંત્રીશ્રી દિનેશભાઈ ભટ્ટ તથા અન્ય મહેમાનો ઉપસ્થિત રહી બાળકોને પ્રોસ્તાહિત કર્યા હતા. આ પ્રોજેક્ટની જીલ્લા સંકલન ટીમના સભ્યો, શ્રી વિમલભાઈ ચુડાસમા(આચાર્ય નવનિર્માણ વિદ્યાલય) શ્રી સિધાર્થભાઈ દેગામી (આચાર્યજી.એન્ડ.જી કડીવાલા) અલગ-અલગ વિભાગ, યુની.માંથી વિષય નિષ્ણાંત ઉપસ્થિત રહી નિર્ણાયક સેવા આપી હતી, શ્રી મનસુખભાઈ નારિયા(આચાર્ય શ્રી આઇ.પી.સવાણી હાઈસ્કૂલ અને તેની ટીમ દ્વારા ખુજ સરસ સહયોગ રહ્યો હતો.

# પેરામેડિકલમાં ૧૬ હજારની સામે ૮૨૭૫ છાત્રોને કોલેજની ફાળવણી

પેરામેડિકલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ આપેલી ચોઈસના આધારે આજે પ્રવેશ સમિતિ દ્વારા કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. કુલ ૧૬૬૦૩ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હતી. મેરિટના આધારે ૮૨૭૫ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી હતી. જેમને પ્રવેશ મળ્યો છે તેઓએ તા.૨૫ સપ્ટેમ્બરમી સુધીમાં એલોટમેન્ટ લેટર લઈને ફી ભરીને હેલ્પસેન્ટરમાંથી એડમિશન ઓર્ડર લેવાનો રહેશે. પેરામેડિકલના પહેલા રાઉન્ડમાં જેટલી બેઠકો ઉપલબ્ધ હતી,તે તમામ ફુલ થઇ ચૂકી છે. ૮૨૭૫ વિદ્યાર્થીઓને કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. હાલમાં આયુર્વેદમાં ૧૨૯૬, હોમિયોપથીમાં ૧૩૧૯, ફિઝિયોથેરાપીમાં ૨૦૬૬, બીએસસી નર્સિંગમાં ૨૩૨૦, ઓપ્ટોમેટ્રીમાં ૧૮૫, નેચરોપથીમાં ૬૦, ઓર્થોટીક્સમાં ૧૦ અને ઓડિયોલોજીમાં ૧૯ બેઠકો ૫૨ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો છે. હજુ ફિઝિયોથેરાપીની ૮, હોમિયોપેથીની ૩ કોલેજોની મંજૂરી બાકી છે. આ ઉપરાંત પહેલા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા

**<u>આયુર્વેદમાં ૧૨૯૬, હોમિયોપથીમાં ૧૩૧૯, ફિઝિયોથેરાપીમાં ૨૦૬૬, બીએસસી નર્સિંગમાં ૨૩૨૦, ઓપ્ટોમેટ્રીમાં ૧૮૫, નેચરોપથીમાં ૬૦, ઓર્થોટીક્સમાં ૧૦ અને ઓડિયોલોજીમાં ૧૯ બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી આપવામાં આવ્યો</u>**

શરૂ થયા બાદ આયુર્વેદની બે નવી સ્વનિર્ભર કોલેજોને મંજૂરી મળી હોવાથી આ કોલેજોની બેઠકો પણ વધી છે. આ સિવાય બીએસસી નર્સિંગની ૧૭ કોલેજોની મંજૂરી આવી ચુકી છે. આ તમામ બેઠકોને બીજા રાઉન્ડમાં સામેલ કરવામાં આવશે. પેરામેડિકલના પહેલા રાઉન્ડ માટે કુલ ૧૬૬૦૩ વિદ્યાર્થીઓએ ચોઈસ આપી હતી જેમાંથી અડધા એટલે કે ૮૨૭૫ વિદ્યાર્થીઓને મેરિટના આધારે કોલેજની ફાળવણી કરી દેવામાં આવી છે. હવે બાકી રહેલા વિદ્યાર્થીઓએ નવી મંજૂર થયેલી કોલેજો માટે નવેસરથી ચોઈસ આપવાની રહેશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હજુ પ્રવેશના બે રાઉન્ડ બાકી છે. આ દરમિયાન બાકી રહેલી તમામ કોલેજોની મંજૂરી આવી જતાં તેને પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરી દેવામાં આવશે. નોંધનીય છે કે પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સરકારી કવોટાની બેઠકો માટે જ કાર્યવાહી કરવામાં આવી છે. આ બેઠકોમાં મેનેજમેન્ટ કવોટાની બેઠકોનો સમાવેશ કરાયો નથી.

<u>બેઠાડું જીવન અને અનિયમિત કસરતના અભાવે પ્રમાણ વધી રહ્યું છે</u>

# યુવાનો હવે બેક અને નેક પેઈનના શિકાર બન્યા

ફિઝિયોથેરાપી સેન્ટર્સમાં લગભગ મોટી ઉંમરના દર્દીઓ આવતા જોવા મળતા હતા પણ હવે છેલ્લા ૧૦ વર્ષમાં યુવાનોની અંદર પણ કરોડરજ્જુને લગતા દુ:ખાવાનું પ્રમાણ વધ્યું હોવાથી નાની ઉંમરના લોકો પણ બેક અને નેક પેઈનથી પીડાઈ રહ્યા છે.

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતની પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલ્સના ફિઝિયોથેરાપી વિભાગમાં દરરોજ આશરે ૪૦૦ દર્દીઓ વિવિધ દુ:ખાવા સાથે આવે છે. જેમાં હવે યુવાનોનું પ્રમાણ વધી રહ્યું છે. ગઇ તા. આઠ સપ્ટેમ્બર વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ દિવસ નિમિત્તે શહેરમાં શહેરની ઘણી હોસ્પિટલના ફિઝિયોથેરાપી વિભાગ દ્વારા લોકોને એજયુકેટ કરાયા હતા.

ફિઝિયોથેરાપી કોલેજના પ્રિન્સિપાલ ડૉ.નેહલ શાહ દ્વારા આ પ્રકારનો પ્રથમ વખત નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. તેમણે આ પ્રસંગે કહ્યું કે, વિશ્વ ફિઝિયોથેરાપી દિવસ નિમિત્તે કોલેજના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી શહેરની ત્રણ શાળા, ઈપીએફ ઓફિસ, એલઆઈસી ઓફિસ અને આઈસીઆઈસીઆઈ બેંકની મુલાકાત લેશે અને સ્ટાફ સમક્ષ ખાસ કરીને કરોડરજ્જુને લગતા દુ:ખાવા થવા પાછળના કારણો સમજાવાયા હતા. વ્યક્તિના બેસવાઉઠવાની સ્થિતિમાં કેટલાક સુધારા કરવામાં આવે તેનાથી આ દુ:ખાવાઓ દૂર કરી શકાય છે. ડૉ. નેહલ કહે છે કે, ખાસ કરીને હાલ કમ્પ્યૂટર અને મોબાઈલનો ઉપયોગ યુવાનોમાં વધ્યો છે તેના કારણે ૨૫ વર્ષની નાની ઉંમરની વ્યક્તિઓ ફિઝિયોથેરાપિસ્ટ પાસે આવી રહી છે. વિદ્યાર્થીઓ દ્વારા લોકોને પ્રિવેન્ટિવ ટૅક્નિક સાથે લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા નાનાનાના નાટક તૈયાર કરાયા છે. જેની સાથે લોકો પોતાને રિલેટ કરી શકશે. મોટી ઉંમરની વ્યક્તિમાં શારીરિક કમજોરીના કારણે દુ:ખાવો થવો સ્વાભાવિક છે પણ યુવાનોની અંદર આ પ્રમાણ વધવું તે ગંભીર બાબત છે. લાંબા ગાળે આ દુ:ખાવો કાયમી થવાનું જોખમ રહે છે જેના કારણે યુવાનોની ક્વોલિટી લાઈફ ઉપર અસર થઈ શકે છે. બેઠાડું જીવન અને અનિયમિત કસરતના અભાવે આ પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. કમ્પ્યૂટર અને મોબાઈલના વધુ પડતા વપરાશના કારણે બેક અને નેક પેઈનનો લોકો ભોગ બની રહ્યા છે.

# સીમેટ અર્થ વગરની પરીક્ષા બની

<u>એમબીએ-એમસીએમાં ૫૫૬૦ બેઠકો સીમેટ વિના જ ભરવી પડી</u>

એમબીએએમસીએમાં પ્રવેશ માટે સીમેટ એટલે કે કોમન મેનેજમેન્ટ એપ્ટિટયૂડ ટેસ્ટ લેવામાં આવે છે. ચાલુ વર્ષે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયામાં સીમેટ આપી હોય તેવા ૩૩૩૩ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. ખાલી પડેલી બેઠકો માટે સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે નવેસરથી ઓફલાઇન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં અંદાજે ૫૫૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. હવે સીમેટનું કોઇ મહત્વ ન રહેતા આ કોર્સમાં સીમેટ રદ કરી દેવામાં આવે તેવી શકયતા છે. એમબીએની ૯૮૭૦, એમસીએની ૫૪૭૦ અને લીટરલની ૬૯૬૯ મળીને કુલ ૨૨૩૦૯ બેઠકો માટે સીમેટ લેવામાં આવી હતી. પહેલા તબક્કામાં ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયામાં ત્રણે કોર્સમાં મળીને મેનેજમેન્ટ કવોટામાં ૨૭૬, જમ્મુકશ્મીર કવોટામાં ૪૦ અને ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયામાં ૩૩૩૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. મોટા પ્રમાણમાં બેઠકો ખાલી પડતાં ઓફલાઇન અને સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવાનું નક્કી કરાયું હતું. તાજેતરમાં આ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. જેમાં ૫૫૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. એટલે કે સીમેટ આપી હોય તેના કરતાં સીમેટ આપ્યા વગર પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી ગઇ છે. સીમેટ વગર એમસીએમાં ૫૬૨, એમબીએમાં ૫૪૪૯ અને લીટરલમાં ૨૧૯૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. આમ, જે બેઠકો ભરાઇ છે તેમાંથી ૭૦ ટકા બેઠકો સીમેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓથી ભરવી પડી છે. આ સ્થિતિમાં હવે એમબીએએમસીએ માટે સીમેટ એટલે કે એન્ટ્રન્સ ટેસ્ટ રાખવાનો કોઇ અર્થ રહેતો નથી. સંચાલકો કહે છે, ચાલુ વર્ષે થયેલી પ્રવેશ પ્રક્રિયાની વિગતો સાથે કાઉન્સિલને રજૂઆત કરીને આગામી વર્ષથી સીમેટ દૂર કરવાની માંગણી કરવામાં આવશે. એમબીએએમસીએમાં પ્રવેશ માટે એક સમયે સ્વનિર્ભર કોલેજ સંચાલકો ડોનેશન લેતા હતા. હાલની સ્થિતિ એવી છે કે એમસીએની કુલ ૫૪૭૦ બેઠકો પૈકી માત્ર ૫૬૨ બેઠકો ભરાઇ છે. એટલે કે સાડા ચાર હજારથી વધારે બેઠકો ખાલી પડી છે. આજ રીતે એમબીએની ૯૮૭૦માંથી ૬૪૪૯ બેઠકો ભરાઈ છે.

# ગુજરાત યુનિ.ની પી.એચડી.ની પ્રવેશ પ્રક્રિયા સામે યુજીસીમાં ફરિયાદ

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી) દ્વારા તાજેતરમાં એવી ગાઇડ લાઇન બહાર પાડવામાં આવી હતી કે, થર્ડ કેટેગરીમાં આવતી યુનિવર્સિટી હોય તેઓએ માત્ર નેટસ્લેટ પાસ થયા હોય તેવા ઉમેદવારોને જ પીએચડીમાં પ્રવેશ આપી શકશે. યુજીસીએ જાહેર કરેલા એસેસમેન્ટ પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીનો સમાવેશ થર્ડ કેટેગરીમાં થાય છે. આ સ્થિતિમાં યુનિવર્સિટીએ પણ માત્ર નેટસ્લેટ પાસ થયા હોય તેવા ઉમેદવારોને જ પ્રવેશ આપવાનો થાય છે. પરંતુ યુનિવર્સિટીએ હાલ પીએચડી અને એમ.ફીલમાં એન્ટ્રન્સ ટેસ્ટના આધારે કોમર્સ સિવાયની તમામ ફેકલ્ટીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કેટલીક ફેકલ્ટીમાં તો વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી પણ આપવામાં આવ્યો છે. યુનિવર્સિટીના આ પ્રકારની કાર્યવાહી બિલકુલ ખોટી અને યુજીસીની ગાઇડલાઇન વિરુધ્ધ હોવાની એક ફરિયાદ શિક્ષણવિદ દ્વારા કરી દેવામાં આવી છે.

યુજીસીને કરાયેલી ફરિયાદમાં એવો ઉલ્લેખ કરાયો છે કે યુજીસીએ સ્પષ્ટ ગાઇડલાઇન આપી હોવાછતાં અને પીએચડીની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા યુનિવર્સિટીને ગાઇડલાઇનની જાણકારી હોવાછતાં જાણી જોઇને પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હતી. યુજીસી ફરિયાદને ગંભીરતાથી લે તો યુનિવર્સિટી માટે મોટી મુશ્કેલી ઉભી થાય તેમ છે.

# ઉન્નતી ઈંગ્લિશ એકેડમીના બાળકોએ ફેન્સીડ્રેસ સ્પર્ધા માણી



ઉમરા ખાતે આવેલી ઉન્નતી ઈંગ્લિશ એકેડેમીના પ્રી પ્રાઈમરી સેકશનના વિદ્યાર્થીઓએ વિતેલા પખવાડીયા દરમિયાન ફેન્સીડ્રેસ કોમ્પીટીશનની મજા માણી હતી. નાના ભૂલકાઓને તેમની મમ્મીઓ દ્વારા અવનવા વસ્ત્ર પરિધાન કરીને શાળાએ મોકલવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ તેમના નવા અવતારને ખૂબ માણ્યો હતો. પ્રસ્તુત તસ્વીરમાં ફેન્સી ડ્રેસ પહેરીને શાળાએ આવેલા વિદ્યાર્થીઓના સમૂહ ઉજવણીમાં મસ્ત જણાય છે.

# ગજેરા વિદ્યાભવનના સાયન્સના વિદ્યાર્થીઓએ ટીશ્યુ કલ્ચર લેબની મુલાકાત લીધી



કતારગામ સ્થિત ગજેરા વિદ્યાભવનના ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને વિતેલા પખવાડિયા દરમિયાન બારડોલી મહુવા રોડ ખાતે આવેલી ઉકા તરસાડીયા યુનિવર્સિટીની ટીશ્યુ કલ્ચર લેબોરેટરીની ખાસ મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ વર્તમાન સમયમાં ટીશ્યુ કલ્ચર લેબના બહુહેતુક ઉપયોગ અંગે અનેક રસપ્રદ અને ઉપયોગી માહિતી મેળવી હતી. ઉકા તરસાડીયા યુનિવર્સિટીના લેબ સંચાલકોએ તેમને ઉત્સાહભેર પ્રશ્નોત્તરીના પણ જવાબો આપ્યા હતા.

# એલ.પી. સવાણી વિદ્યાભવના ભૂલકાએએ ક્રિએટિવિટીના પાઠ ભણ્યા



એલ.પી. સવાણી વિદ્યાભવન અડાજણ ખાતે ઈંગ્લિશ મિડીયમ પ્રી પ્રાઈમરીના વિદ્યાર્થીઓને રચનાત્મક અને કો કરીક્યુલર એક્ટિવિટીના ભાગરૂપે વિતેલા પખવાડીયા દરમિયાન જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવાનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યા હતો. વિદ્યાર્થીઓએ તેમના આપેલા ટાસ્કને ઉત્સાહભેર જાણીને તેને પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

# ડિપ્લોમા પછી ધો.૧૨ સમકક્ષ સર્ટિફિકેટ મળે છે તેનાથી ૯૦ ટકા વિદ્યાર્થીઓ અજાણ!

ગુજરાતમાં ધો.૧૦ પાસ થયા પછી ડિપ્લોમા એન્જિનિયરિંગ પાસ કરનારા વિદ્યાર્થીઓને ધો.૧૨ પાસ થયા પછી મળતા સર્ટિફિકેટની સમકક્ષ સર્ટિફિકેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓને આજે પણ આ સર્ટિફિકેટ ક્યાંથી મળશે તેની પૂરતી જાણકારી નથી. વિદ્યાર્થીઓ આ સર્ટિફિકેટ લેવા માટે જુદી જુદી જગ્યાએ ધક્કા ખાય ત્યારે આ પ્રકારના કોઇ સર્ટિફિકેટ મળતા નથી તેમ કહીને રવાના કરી દેવામાં આવે છે. હાલ પરિસ્થિતિ એવી છે કે સંખ્યાબંધ વિદ્યાર્થીઓને ખરેખર આ સર્ટિફિકેટ મળે છે કે નહીં તેની કોઇ માહિતી નથી.

ડિપ્લોમા એન્જિનિયરિંગ પાસ કરનારા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ લેતાં હોય છે. પરંતુ ૧૦ ટકા વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓ ડિગ્રીમાં પ્રવેશ લેવાના બદલે ડિપ્લોમા કર્યા પછી બેઝિક સાયન્સમાં કોલેજ કરવા ઇચ્છતા હોય છે. આ વિદ્યાર્થીઓ માટે કોઇ વિકલ્પ રહેતો નહોતો. વિદ્યાર્થીઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી ડિપ્લોમા પાસ કરનારા વિદ્યાર્થીઓને ધો.૧૨ પાસ થયા પછી જે સર્ટિફિકેટ આપવામાં આવે છે તે પ્રકારનું ધો.૧૨ પાસ સમકક્ષનું સર્ટિફિકેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સમયે સરકાર દ્વારા એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, જો કોઇ વિદ્યાર્થી ડિપ્લોમા ઇજનેરી પાસ કર્યા પછી ધો.૧૨ પાસ સમકક્ષ સર્ટિફિકેટ મેળવે તો તેને સાયન્સ કોલેજમાં પણ પ્રવેશ મળી શકશે. સરકારની આ પ્રકારની જાહેરાતના કારણે ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે નવો વિકલ્પ ખુલ્યો હતો. સૂત્રો કહે છે છેલ્લા ત્રણ વર્ષથી આ પ્રમાણે ડિપ્લોમા થયેલા વિદ્યાર્થીઓને ધો.૧૨ સમકક્ષ સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા ચાલુ છે પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ ક્યાથી લેવાની તેની કોઇ જાણકારી જ નથી. જેના લીધે છેલ્લા એક વર્ષથી અનેક વિદ્યાર્થીઓ આ સર્ટિફિકેટ મેળવવા માટે રીતસરનો રઝળપાટ કરી રહ્યા છે.

આશ્ચર્યની વાત એ કે ડિપ્લોમા ઇજનેરી કોલેજમાં ફરજ બજાવતાં કેટલાક પ્રોફેસરોને પણ ખરેખર આ સર્ટિફિકેટ મળે છે કે નહીં તેની સાચી જાણકારી નથી. જેના લીધે વિદ્યાર્થીઓ કોલેજથી જીટીયુ અને જીટીયુથી કોલેજ વચ્ચે ધક્કા ખાઇ રહ્યા છે. વિદ્યાર્થીઓએ ડિપ્લોમાં પાસ કર્યા પછી શિક્ષણ બોર્ડના હાયર એજયુકેશન ડિપાર્ટમેન્ટમાં ધો.૧૨ પાસ સમકક્ષ સર્ટિફિકેટ લેવા માટે જવું પડે છે. જીટીયુ કે ડિપ્લોમા કોલેજમાંથી નહી પરંતુ માત્ર હાયર એજયુકેશન વિભાગ દ્વારા જ આ સર્ટિફિકેટ આપવામાં આવે છે. જેના લીધે વિદ્યાર્થીઓએ માત્ર આજ જગ્યાએ અરજી કરવાની હોય છે. શિક્ષણ બોર્ડ દ્વારા સર્ટિફિકેટ આપવાની કામગીરી ચાલુ છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર.આઇ.પટેલ કહે છે બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને

## વિદ્યાર્થીઓ કોલેજ અને યુનિવર્સિટી વચ્ચે ધક્કા ખાય છે પણ સર્ટિ બોર્ડ દ્વારા આપવામાં આવે છે

સર્ટિફિકેટ આપવાની કામગીરી ચાલુ છે. અત્યાર સુધીમાં અંદાજે પાંચ હજાર જેટલા વિદ્યાર્થીઓને આ પ્રકારના સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યા છે.

આઇટીઆઇ કરનારા ધો.૧૦ પાસનું સર્ટિફિકેટ લેવામાં ઉદાસીન ! ડિપ્લોમા પાસ કરનારા વિદ્યાર્થીઓને ધો.૧૨ પાસનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. આ જ રીતે આઇટીઆઇ પાસ કરનારા વિદ્યાર્થીઓને ધો.૧૦ પાસ થયાનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. સૂત્રો કહે છે આઇટીઆઇ પાસ થનારા ૧૦૦માંથી ૧૦ વિદ્યાર્થીઓ પણ આ પ્રકારનું સર્ટિફિકેટ લેવા માટે આવતાં નથી. આઇટીઆઇ કર્યા પછી મોટાભાગના વિદ્યાર્થીઓ એવું માને છે કે હવે આગળ અભ્યાસ થઇ શકે તેમ નથી. પરંતુ ખરેખર ધો.૧૦ પાસ થયાનું સર્ટિફિકેટ મેળવીને ધો.૧૧ અને ૧૨માં પ્રવેશ મળી શકે છે તેની પુરતી જાણકારી જ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસે નથી.

**વિદ્યાર્થીઓ તો ઠીક પણ કોલેજના અધ્યાપકોને પણ ખબર નથી કે આવું સર્ટિ મળે છે અને મળે છે તો કઇ કચેરીએ થી તેની તો માહિતી જ કોઇ પાસે નથી**

## પ્લાસ્ટિકની થેલીમાં ગરમ વસ્તુઓ ક્યારેય ના ભરવી

# સ્વાસ્થ્ય માટે ખૂબ જ ભયાનક છે પ્લાસ્ટિક

વિજ્ઞાનીઓનાં કહેવા અનુસાર પાણીમાં નહીં ભળવાના કારણે અને બાયોકેમિકલી એક્ટીવ નહીં થવાના કારણે શુદ્ધ પ્લાસ્ટિક ખૂબ જ ઓછુ ઝેરી થઈ જાય છે. પરંતુ જયારે તેમા અલગ પ્રકારનાં પ્લાસ્ટિક અને કલર વગેરે ભળે છે ત્યારે તે ખુબ હાનિકારક બની જાય છે. આ કેમિકલ રમકડા તેમજ અન્ય વસ્તુઓમાંથી ગરમીનાં કારણે ઓગળીને બહાર આવી શકે છે. આની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમેરિકાના બાળકોને રમકજા અને બાળકોની દેખભાળ રાખવા માટે વપરાતી વસ્તુંઓમાં આ પ્રકારનાં પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરી દેવામાં આવ્યો છે. યુરોપમાં તો ૨૦૦૫નાં વર્ષથી જ તેના પર બેન લાગી ગયો હતો. જાપાન સહિત અન્ય નવ દેશોમાં પણ આવા પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરી દીધો હતો. હવે ગઝએ દિલ્હીમાં ૫૦ માઈક્રેનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટિકનાં ઉપયોગ પર રોક લગાવી દીધી છે. અમેરિકાનાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન આ વાત સાથે સંમત થયા છે કે દરેક પ્રકારનું પ્લસ્ટિક અમુક સમય પછી કેમિકલ છોડવા જ લાગે છે, ખાસ કરીને જેના ગરમ કરવામાં આવે છે અથવા તો જે પ્લાસ્ટિકમાં ગરમ વસ્તું ભરવામાં આવે છે. મેક્સ ડેકેયર, લાજપત નગરનાં કેન્સર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર પીકે જુલ્કાએ કહ્યું કે ફરીફરીને ગરમ કરવાથી આવા પ્લાસ્ટિકમાંથી કેમિકલ્સ નીકળવાનાં ચાલુ થઈ જાય છે. ડૉક્ટર જુલ્કાનું કહેવું છે કે જયારે પ્લાસ્ટિકને ગરમ કરવામાં આવે અથવાતો તેમા જમવાની કોઈ ગરમ વસ્તુ રાખવામાં આવે તો તે પ્લાસ્ટિકમાંથી પૉલીસાઈકલિક હાઈડ્રોકાર્બન નિકળે છે, જે એક પ્રકારનું કેમિકલ છે જેનાથી કેન્સર થાય છે. પ્લાસ્ટિકમાંથી નીકળતું પૉલીસાઈકલિક હાઈડ્રોકાર્બન કેમિકલથી ગંભીર બીમારીઓ ફેલવાનો ભય વધી જાય છે.

# ઘરમાં બનાવો છો એ રોટલી બહાર બનાવો તો કદર સાથે કમાણી પણ થશે

એક મહિલાને ભલે રસોઇની રાણી કહેવાતી હોય, પરંતુ દેશની મોટાભાગની ફાઈવસ્ટાર હોટેલ હોય કે, રસ્તા પર ઉભા રહેતા ફૂડ ટ્રક કે ખાણીપીણી બજારના સ્ટોલ, દરેક જગ્યાએ પુરુષોનું પ્રભુત્વ જોવા મળે. આમ તો, સુરત શહેરમાં ખાખરા અને પાણીપુરી કે અન્ય ગૃહઉદ્યોગમાં મહિલાઓ મોખરે છે, પરંતુ છેલ્લા કેટલાક વખતથી રોડ પરના સ્ટ્રીટ ફૂડ બિઝનેસમાં મહિલાઓ આગળ આવી રહી છે.

અમદાવાદમાં સેપ્ટ યુનિવર્સિટી રોડ પર સાસુ વહુની એક જોડીએ એવી જુગલબંદી જમાવી છે કે, અમદાવાદીઓનો જીભનો ચટાકો વધી રહ્યા છે. ૬૫ વર્ષના કુલદીપ ફર્નાન્ડીઝ છેલ્લા સત્તર વર્ષથી યુનિવર્સિટી વિસ્તારમાં પંજાબી સબજી સાથે પરાઠા અને રોટી સાથે લોકોને દેશી વાનગીઓ પૂરી પાડી રહ્યા છે, હવે સાથે સાથે છેલ્લા દોઢ બે મહિનાથી તેમની હોંગકોંગની પુત્રવધુએ પણ અમદાવાદીઓને પેનકેક્સનું ઘેલુ લગાડ્યું છે. કુલદીપ ફર્નાન્ડિઝ જણાવે છે, 'મેં આજથી સત્તર વર્ષ પહેલાં આ કામ શરૂ કર્યું ત્યારે યુનિવર્સિટી રોડ પર માત્ર એક પાન સિગારેટનો ગલ્લો અને ચાની લારી હતી. મારા સિવાય બીજી કોઇ મહિલા આ કામ નહોતી કરતી. આજે કોમ્પિટિશન વધી છે, પણ અમે ગુણવત્તા અને સ્વચ્છતા સાથે બાંધછોડ નથી કરતા. તેથી અમારું કામ આજે પણ ચાલે છે. તમે ઘરમાં રોટલી બનાવો એ જ રોટલી બહાર બનાવીને લોકોને જમાડશો તો કદર અને કમાણી બંને થશે. તેથી મહિલાઓએ પોતાની સ્કીલનો ઉપયોગ કરવો જોઇએ અને બહાર આવવુ જોઇએ.પોતાની શરૂઆત અંગે વાત કરતાં તેઓ કહે છે, 'મારી પાસે માસ્ટર્સ ડિગ્રી છે. હું ઘરમાં ટ્યુશન ચલાવતી. મારા પતિને માર્કેટીંગની જોબ હતી તેથી સતત મુસાફરી રહેતી તેથી હું ફરિયાદ કરતી. એક વખત એમણે મને કહ્યું કે, 'બહાર જઇને ૨૦૦૦ કમાઇશ તો એ ૨૦૦૦ની કિંમત સમજાશે.આ વાત મને લાગી આવી અને તેને પોઝિટિવલી લઇને મેં આ કામ શરૂ કર્યું. આ જ રોડ પરના કામે મને મારી એક ઓળખ આપી.આજે કોર્પોરેટ ઓફિસના સુરક્ષિત માહોલમાં પણ ઘણી વખત મહિલાઓ અસુરક્ષિત હોવાની વાતો સામે આવે છે, ત્યારે રાત્રે રોડ પર કામ કરવાના તેમજ સરકારી હેરાનગતિ અને ભ્રષ્ટાચાર વિશે કુલદીપ કહે છે, 'આજે પણ લોકોમાં એટલી સભ્યતા અને સંસ્કૃતિ છે કે, તમારી સાથે માનપૂર્વક વાત કરે છે. બાકી સરકારી હેરાનગતિ સામે તમે જો કોઇને ૧૦૦ રૂપિયા આપીને વાત પતાવવાની ગણતરી નહિ રાખો અને નિયમમાં રહીને કામ કરશો તો તમને કોઇ જ વાંધો નહીં આવે. પતાવટના શોર્ટકટ છોડીને તમે જ તમારી એક મર્યાદા નક્કી કરો.જયારે પોતાના પુત્રવધુ વિશે વાત કરતાં તેઓ કહે છે, 'ડિક્શનરીમાંથી 'સાસુશબ્દ જ નીકળી જવો જોઇએ, તો જ 'વહુશબ્દ નીકળશે, અને માત્ર દીકરીઓ રહેશે. મારી પુત્રવધુને પણ મેં આ પ્રકારનું કામ શરૂ કરવા પ્રોત્સાહિત કરી, પરંતુ તે પોતાની જાતે બધુ સંભાળતા શીખી શકે તે માટે તેનો સ્ટોલ મારા સ્ટોલથી દૂર રખાવ્યો. જેથી એ પણ પોતાની એક ઓળખ બનાવી શકે.હોંગકોંગથી પ્રથમ વખત ભારતમાં પરણીને આવેલા અને આ પહેલા ક્યારેય રસોઇ પણ ન બનાવી હતી એવી કુલદીપ ફર્નાન્ડિઝના પુત્રવધુ સની જણાવે છે,'મારા સાસુએ મને બે મહિના બધી જ તાલીમ આપી, મારી દૃષ્ટિએ એ શ્રેષ્ઠ શિક્ષક છે, જેમણે મને ધીરજપૂર્વક દરેક બાબત શીખવી. અમારે ત્યાં તો રસોઇના વાસણમાં માત્ર એક નાનુ અને એક મોટુ બે પેન હોય, અહીં આવીને વિવિધ પ્રકારના તપેલા અને કડાઇ વિશે સમજવામાં જ મને સમજણ નહોતી પડતી. તે સિવાય તમે એક નવા દેશમાં જાઓ અને ત્યાં જઇને આવું નવું કામ કરો એ કોઇ એડવેન્ચરથી કમ નથી, પણ હું મારા સાસુ અને પતિની મદદથી સફળ થઇ શકી. અહીંના લોકો તરફથી મળતી હુંફ અને શાંતિપૂર્ણ જીવનશૈલી તમારો ભારત પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલી નાખે છે. એક વખત તમે અહીં આવો પછી પાછા જવાનું વિચારી જ નથી શકતા. ભારત તમારામાં નશો પેદા કરે એવો દેશ છે. અહીંના પરિવારોમાં એકબીજા પ્રત્યેનો લગાવ અને એકબીજાને નીભાવવાની ભાવના મેં ક્યાંય નથી જોઇ.

**પતિએ એકવાર કહ્યું, બહાર જઇને રૂ. ૨૦૦૦ કમાઇશ ત્યારે તેની કિંમત સમજાશે અને વાતને પોઝિટિવલી લઈ મહિલાએ ફૂડ ટ્રકથી બિઝનેસ શરૂ કર્યો**

# જે કામ લડવાથી નથી થતું તે પ્રેમથી થઈ જાય છે

રાજમાર્ગ પર એક ઘટાદાર વૃક્ષ હતું, જેની શીતળ છાયામાં બેસીને બધા વટેમાર્ગુઓ આરામ કરતા હતા. થાક ઉતારતા હતા. એ સમયે ભીષણ ગરમી પડી રહી હતી. એક પાગલ એ વૃક્ષ નીચે આરામ કરી રહ્યો હતો અને થોડી થોડી વારે પોતાની માનસિક વિક્ષિપ્તતાને કારણે જોરજોરથી હસી પણ રહ્યો હતો. એ દરમિયાન આધુનિક વસ્ત્રોમાં સજ્જ એક વ્યક્તિ એ વૃક્ષ નીચે આવ્યો અને તેણે પાગલને કહ્યું, 'અહીંથી દૂર જા, મારે આરામ કરવો છે.પાગલે કહ્યું, 'હું કેમ જાઉં?ત્યારે એ વ્યક્તિએ કહ્યું, 'તું જાણતો નથી, હું રાજકીય અધિકારી છું અને અહીં વિશ્રામ કરવાનો પહેલો હક મારો છે.પાગલ હસ્યો અને થોડે દૂર ચાલ્યો ગયો. થોડા જ વખત બાદ ત્યાં એક સંન્યાસી આવી ચડ્યા. ગરમીથી તેઓ પણ ત્રસ્ત હતા. તેમણે વૃક્ષ નીચે બેઠેલા એ અધિકારીને કહ્યું, 'થોડા પેલી તરફ જાવ, મારે પણ વૃક્ષની શીતળતા લેવી છે અને થાક ઉતારવો છે.અધિકારીએ પોતાના ગર્વમાં કહ્યું, 'હું કેમ જાઉં? તમે જાણતા નથી હું રાજય અધિકારી છું. હું રાજમહેલમાં એક મહત્ત્વપૂર્ણ પદ પર કાર્યરત છું.સંન્યાસી બોલ્યા, 'તું જો રાજયનો અધિકારી છે તો હું પણ રાજગુરુ છું, તેથી આ છાંયામાં બેસવાનો અધિકારી હું પણ છું.બંનેમાં વિવાદ શરૂ થઈ ગયો. બંનેની વાણીમાં કટુતા આવી ગઈ. એ સમયે પેલો પાગલ આવ્યો અને જોર જોરથી હસતાં બોલ્યો, 'પાગલોની જેમ લડી કેમ રહ્યા છો? તેના કરતાં સરખા ભાગે છાંયાનો ઉપયોગ કરો. જે કામ લડવાથી નથી થતું તે પ્રેમથી થઈ જાય છે. બંનેનો થાક ઉતરી જશે.આટલું કહીને પાગલ જોરથી હસતાં ત્યાંથી ચાલ્યો ગયો. પરંતુ તે રાજપુરુષ અને રાજગુરુ બંને વિચારમાં પડી ગયા કે પાગલ પેલો છે કે અમે બંને?

## ૧૦ વર્ષમાં નાપાસ છાત્રોને વર્ષમાં બે વાર તક મળશે

૧૨મું નાપાસને ખાસ પરીક્ષા સાથે માર્ચમાં વધુ એક તક : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહના અભ્યાસક્રમમાં ફેરફાર થવાનો હોવાથી છેલ્લા ૧૦ વર્ષમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની ખાસ પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. જો કે, હવે આ ખાસ પરીક્ષામાં પણ નાપાસ થનારા વિદ્યાર્થીઓને માર્ચએપ્રિલમાં લેવાનારી બોર્ડની રેગ્યુલર પરીક્ષામાં વધારાની એક તક આપવાનું પણ નક્કી કરાયુ છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં દર ૧૦ વર્ષે અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. આગામી વર્ષ એટલે કે ૨૦૧૮માં લેવાનારી બોર્ડની પરીક્ષા નવા સીલેબસ પ્રમાણે લેવામાં આવશે. વર્ષ ૨૦૦૭થી લઇને અત્યાર સુધીમાં એટલે કે છેલ્લા ૧૦ વર્ષમાં જે કોઇ વિદ્યાર્થીઓ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં નાપાસ થયા હોય તેમને નાપાસ થયેલા વિષયોમાં પાસ થવા માટે વધારાની તક આપવા માટે ખાસ પરીક્ષાનું આયોજન કરાયું છે. તા.૨૫મી ઓક્ટોબરથી ૬ નવેમ્બર દરમિયાન આ વધારાની પરીક્ષા લેવામાં આવશે. હાલમાં અંદાજે દોઢ લાખ જેટલા વિદ્યાર્થીઓએ ખાસ પરીક્ષા આપવા માટે દરખાસ્ત કરી દીધી છે. અગાઉ બોર્ડે જયારે વધારાની પરીક્ષા લેવાની જાહેરાત કરી ત્યારે આ 'છેલ્લી તક હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી. જો કે, હવે બોર્ડે આ ખાસ પરીક્ષામાં નાપાસ થનારા વિદ્યાર્થીઓને રેગ્યુલર પરીક્ષાની સાથે એટલે કે માર્ચએપ્રિલ ૨૦૧૮માં લેવાનારી પરીક્ષા આપવાની પણ તક આપવામાં આવી છે. પરંતુ 'ખાસ પરીક્ષામાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની જૂના કોર્સ પ્રમાણે પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. આમ,છેલ્લા ૧૦ વર્ષમાં નાપાસ થયેલા વિદ્યાર્થીને છ માસમાં બે પરીક્ષાઓ આપીને પાસ થવાની તક મળશે.

# ડીપીએસ સુરત પ્રી-પ્રાઈમરી સેકશનમાં ગ્રાન્ડ પેરેન્ટસ ડે ઉજવાયો



ડુમસ રોડ પર સાયલન્ટ ઝોન વિસ્તારમાં આવેલી દિલ્હી પબ્લિક સ્કુલ, સુરત ખાતે વિતેલા પખવાડિયા દરમિયાન પ્રી પ્રાઈમરી સેકશનના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ડ પેરેન્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા ભૂલકાઓના આશ્ચર્ય વચ્ચે તેમના દાદા દાદીઓ શાળાએ આવ્યા હતા તેમજ જુદી જુદી એક્ટિવિટીઝમાં ભાગ લઇને વિદ્યાર્થીઓ સાથે ક્વોલિટી ટાઇમ માણ્યો હતો. પ્રસ્તુત તસ્વીરમાં ભૂલકાએ સાથે તેમના દાદાદાદીઓ સેલિબ્રેશનમાં વ્યસ્ત જણાય છે.

# જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કુલમાં ગ્રાન્ડ પેરેન્ટ્સ ડે ઉજવાયો



ભરથાણા સ્થિત કેનાલ રોડ પર આવેલી જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે વિતેલા પખવાડિયા દરમિયાન પ્રી પ્રાઈમરી સેકશનના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ડ પેરેન્ટસ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત તસ્વીરમાં જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કુલના ઓડિટોરીયમના સ્ટેજ પર દાદા દાદીઓ એક એક્ટિવિટી પરફોર્મ કરી રહેલા દ્રશ્યમાન છે. વિદ્યાર્થીઓએ કાર્યક્રમને ખૂબ માણ્યો હતો.

# ડીપીએસ સુરત પ્રી-પ્રાઈમરી સેકશનમાં ગ્રાન્ડ પેરેન્ટસ ડે ઉજવાયો



ટી.એમ. પટેલ ઇંગ્લિશ મિડીયમ પ્રાઈમરી સ્કુલ ખાતે વિતેલા પખવાડિયા દરમિયાન હિન્દી દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. પ્રસ્તુત તસ્વીરમાં હિન્દી દિન નિમિત્તે શાળામાં યોજાયેલી વક્તૃત્ત્વ સ્પર્ધામાં પરફોર્મ કરી રહેલી વિદ્યાર્થિનીને તેમના સહધ્યાયીઓ તેમજ નિર્ણાયકો સાંભળી રહેલા જણાય રહ્યા છે. વિદ્યાર્થીઓએ હિન્દી દિન નિમિત્તે યોજાયેલા જુદા જુદા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈને રાષ્ટ્રભાષા પ્રત્યે પોતાની લાગણી પ્રદર્શિત કરી હતી.

email : shikshansarvada@gmail.com

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

# શિક્ષણ સર્વદા

# ૧થી ૧૫ ઓક્ટોબર ૨૦૧૭

it's all about EDUCATION

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

# અમરોલી કોલેજના દિવ્યેશ પ્રજાપતિ એન.એસ.એસ.ના બેસ્ટ કેડેટ



અમરોલી સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના દિવ્યેશ કુમાર પ્રજાપતિને વર્ષ ૨૦૧૬ માટે રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)ના ગુજરાતના બેસ્ટ કેડેટ તરીકેનો ખિતાબ આપવામાં આવ્યો છે. તાજેતરમાં કચ્છ યુનિવર્સિટી ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં સુરતની અમરોલી કોલેજના દિવ્યેશ કુમાર પ્રજાપતિને આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે. દિવ્યેશ પ્રજાપતિએ કોલેજ સાથે સમગ્ર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પણ નામ રોશન કર્યું છે. અમરોલી કોલેજના આચાર્ય ડો.કે.એન. ચાવડા તેમજ અન્ય અધ્યાપકોએ દિવ્યેશ કુમાર પ્રજાપતિની આ સિદ્ધિ ને બિરદાવતા તેમને અભિનંદન પાઠવ્યા છે.

# એન્જિનિયરિંગના છેલ્લા વર્ષમાં ફરજિયાત ટ્રેનિંગ કરવી જ પડશે

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે જોડાયેલી ઇજનેર કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને છેલ્લા સેમેસ્ટરમાં પ્રોજેક્ટ વર્ક એટલે કે ઇન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ લેવાની હોય છે. વિદ્યાર્થીઓને ફરજિયાત અને સાચી ટ્રેનિંગ મળી રહે તે માટે એઆઇસીટીઇ દ્વારા એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. આ એકશન પ્લાન અંતર્ગત જીટીયુ દ્વારા પણ એન્જિનિયરિંગ કાઉન્સિલ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે. જીટીયુ આ પ્રકારના એમઓયુ કરનારી દેશની ત્રીજી યુનિવર્સિટી બની છે. આ કરાર પ્રમાણે હવે યુનિવર્સિટી નક્કી કરે ત્યાં વિદ્યાર્થીઓએ ઇન્ટર્નશીપ કરવાની રહેશે. જેનુ કાઉન્સિલ દ્વારા જ મુલ્યાંકન કરવામાં આવશે. એન્જિનિયરિંગમાં છેલ્લા સેમસ્ટરમાં દરેક વિદ્યાર્થીઓએ જે તે ઇન્ડસ્ટ્રીઝમાં ઇન્ટર્નશીપ કરવી ફરજિયાત છે. પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓ આ પ્રકારની વાસ્તવિક ટ્રેનિંગ કરવાના બદલે લાગતીવળગતી ઇન્ડસ્ટ્રીઝ પાસેથી ઇન્ટર્નશીપ કર્યાનું સર્ટિફિકેટ મેળવી લેતાં હોય છે. જેના કારણે ઉદ્યોગોની જરૂરયાત પ્રમાણે ઇજનેરો મળતા ન હોવાની ફરિયાદ કાયમ માટે રહેતી હતી.

ઇસીઆઇ સાથે જોડાયેલી તમામ ઇન્ડસ્ટ્રીઝ વિદ્યાર્થીઓને ખાસ ટ્રેનિંગ આપે અને ઇસીઆઇ દ્વારા જ તેનુ મુલ્યાંકન કરવામાં આવે તેવુ નક્કી થયુ હતુ. એઆઇસીટીઇની સૂચના પ્રમાણે દેશની ત્રણ યુનિવર્સિટીઓ જેવી કે રાજસ્થાન ટેકનિકલ યુનિવર્સિટી, રાજીવ ગાંધી પ્રૌધોગિક યુનિ.ભોપાલ, સંદીપ યુનિવર્સિટી અને હવે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)એ પણ ઇસીઆઇ સાથે એમઓયુ કર્યા છે. યુનિવર્સિટીના કુલપતિ નવીનચંદ્ર શેઠના કહે છે કે, આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય ઇજનેરીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ખરેખર પોતાની બ્રાન્ચને લગતાં ઉદ્યોગગૃહમાં જઇને સાચી ટ્રેનિંગ મેળવે તેવો છે. વિદ્યાર્થી પોતે જે બ્રાન્ચનો અભ્યાસ કરી રહ્યો છે તેની જ ટ્રેનિંગ દરમિયાન તેને વાસ્તવિક્તાનો અનુભવ અને કૌશલ્ય મળશે. જે તેને અભ્યાસ પછી મદદરૂપ થશે. કાઉન્સિલ દ્વારા જ છેલ્લા સેમેસ્ટરમાં વિદ્યાર્થીએ કેવા પ્રકારની અને કેવી ટ્રેનિંગ લીધી છે તેનુ મુલ્યાંકન પણ કરવામાં આવશે. ચાલુ વર્ષથી આજ પધ્ધતિનો અમલ કરવામાં આવશે. યુનિવર્સિટી દ્વારા લાગુ કરવામાં આવતી પધ્ધતિમાં જોડાવવું કે નહી તે આ વર્ષ માટે વિદ્યાર્થીઓ માટે મરજીયાત રહેશે. પરંતુ આગામી વર્ષથી તમામ વિદ્યાર્થીઓ માટે આ ટ્રેનિંગ ફરજિયાત કરવામાં આવશે.

## હવે ઇન્ટર્નશીપ કર્યાનું સર્ટિફિકેટ નહીં ચાલે

# દરેક શિક્ષકનું ઓનલાઇન રજિસ્ટ્રેશન ફરજિયાત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં ઉત્તરવહી મૂલ્યાંકન સહિતની પરીક્ષાને લગતી કામગીરી કરવામાં અનેક શિક્ષકો અખાડા કરતાં હોય છે. જેના કારણે પરીક્ષાની કામગીરીમાં સારા શિક્ષકોની કાયમી અછત રહેતી હતી. આ પરિસ્થિતિ નિવારવા માટે બોર્ડ દ્વારા દરેક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકોનું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી છે. જે શાળાઓ રજિસ્ટ્રેશન ન કરે તેમના વિદ્યાર્થીઓને બોર્ડના ફોર્મ ન ભરવાની ચીમકી પણ આપવામાં આવી છે. બોર્ડ દ્વારા લેવામાં આવતી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાઓની કામગીરી ન કરવી પડે તે માટે શિક્ષકો દ્વારા અવનવા બહાનાઓ કાઢવામાં આવતાં હોય છે. કેટલીક ગ્રાન્ટેડ અને મોટાભાગની સ્વનિર્ભર સ્કૂલના શિક્ષકોની કોઇ નોંધણી જ કરવામાં આવતી ન હોવાથી કઇ શાળામા કેટલા શિક્ષકો ફરજ બજાવે છે તેની કોઇ વિગતો જાહેર થઇ શકતી નહોતી. નિયમ પ્રમાણે શાળાઓએ પોતાને ત્યા કામ કરતાં શિક્ષકોની યાદી બોર્ડને મોકલવાની હોય છે. કેટલાક વગ ધરાવતાં શિક્ષકો આ યાદીમાં પોતાનું નામ સામેલ ન થાય તેની અગાઉથી તકેદારી રાખતાં હતા. જેના કારણે બોર્ડને ઉત્તરવહી ચકાસણી માટે લાયક અને યોગ્ય શિક્ષકો મળી શકતાં નહોતા. શાળાઓ અને શિક્ષકોની આ પ્રકારની માનસિક્તા દૂર કરવા માટે તાજેતરમાં બોર્ડ દ્વારા દરેક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકોનુ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાની સૂચના આપવામાં આવી છે. જે તે શાળામાં કેટલા શિક્ષકો અને કયા વિષયના કેટલા શિક્ષકો છે તે સહિતની તમામ વિગતો ઓનલાઇન રજૂ કરીને તેનુ રજિસ્ટ્રેશન કરાવવાના આદેશ કરાયા છે. સૂત્રો કહે છે આ પ્રકારના રજિસ્ટ્રેશનના કારણે બોર્ડને શાળાઓમાં કયા વિષયના કેટલા શિક્ષકો છે તેની સાચી વિગતો મળી રહેશે.

## ધો.૧૦-૧૨ની ઉત્તરવહીઓ તપાસવા જવાનું ટાળતા શિક્ષકોની માહિતી મેળવવા બોર્ડનો પ્રયાસ

# શાળાઓની નવી ફીની જાહેરાત સામે તોળાતું ચૂંટણીનું ગ્રહણ

ગુજરાતની જુદી જુદી સ્વનિર્ભર શાળાઓની ફી નક્કી કરવા માટે હાલમાં ફી નિર્ધારણ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીએ અગાઉ ૯૦ દિવસમાં જુદી જુદી શાળાઓની ફી જાહેર કરવાનું નક્કી કર્યું હતું. આ સમયમર્યાદામાં કામગીરી પુરી ન થતાં ૧૨૦ દિવસ કરાયા હતા. હવે આજે એટલે કે તા.૨૪મી સપ્ટેમ્બરે ૧૨૦ દિવસની સમયમર્યાદા પણ પુરી થઇ ચુકી છે.

આમછતાં હજુસુધી શાળાઓની ફી જાહેર કરવામાં આવી નથી. આગામી તા.૩ ઓક્ટોબરથી શાળાઓમાં પરીક્ષા શરૂ થઇ રહી છે ત્યારબાદ દિવાળીનું વેકેશન આવવાનું છે. દિવાળી પછી ચૂંટણીઓની જાહેરાત થવાની છે. આ સ્થિતિમાં નવી ફી જાહેર કરીને સરકાર વાલીઓ અને સંચાલકો પૈકી કોઇપણ એકને નારાજ કરવાની કામગીરી કરશે કે કેમ તેની અટકળો ઉભી થઇ છે.

અમદાવાદ ઝોનમાં આવતી શાળાઓની ૯૦ દિવસમાં નક્કી કરાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. તા.૨૪ ઓગસ્ટના રોજ ૯૦ દિવસ પુરા થતાં હતા. આ સમયમર્યાદામાં ફી જાહેર કરવાની કામગીરી પુરી ન થતાં ૯૦ દિવસના બદલે ૧૨૦ દિવસમાં જુદી જુદી શાળાઓની ફી નક્કી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. સૂત્રો કહે છે સરકારે કરેલી જાહેરાત પ્રમાણે ૧૨૦ દિવસ પણ ૨૪મીએ પુરા થઇ ચુક્યા છે. છતા હજુસુધી કોઇ ફી નક્કી થઇ નથી. નોંધનીય છે કે અમદાવાદ ઝોનમાંથી દરખાસ્ત કરનારી અંદાજે ૨૫૦થી વધારે શાળાઓ પૈકી ૬૦ જેટલી શાળાઓની ફી નક્કી કરી દેવામાં આવી છે. પરંતુ બાકીની અદાજે ૧૫૦થી વધારે શાળાઓ એવી છે કે હજુ સુધી તેની ફી નક્કી થઇ નથી. એવી જ રીતે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પણ આ પ્રકારે અનેક સ્કુલોમાં ફી નિર્ધારણની પ્રક્રિયા બાકી છે. કમિટી હિયરીંગ કરી રહી છે છતાં હજુ અનેક અરજીઓ પેન્ડંગ છે.

આ ઉપરાંત કોર્ટમાં ગયેલી અમદાવાદ શહેરની શાળાઓની ફી અંગે પણ હજુસુધી કોઇ નિર્ણય આવ્યો નથી. શિક્ષણ સાથે સંકળાયેલા સૂત્રો કહે છે હવે આગામી માસમાં શાળાઓમાં પરીક્ષાઓ શરૂ થઇ રહી છે. જેના કારણે ફી નિર્ધારણ કરવાની કામગીરીમાં વિલંબ થાય તેમ છે. સૂત્રો કહે છે પરીક્ષા પુરી થયા બાદ દિવાળીનું વેકશન હોવાથી ફી નિર્ધારીત કરવાની કામગીરી થઇ શકશે નહી.આમ, જૂનથી લઇને ઓક્ટોબર સુધીમાં પહેલુ સત્ર પુરુ થાય ત્યાંસુધીમાં ફી નક્કી ન થતાં વાલીઓએ વધુ પરેશાની ભોગવવી પડે તેમ છે. સૂત્રો કહે છે દિવાળી પછી ચૂંટણીની જાહેરાત થવાની હોવાથી સરકાર ફી જાહેર કરીને સંચાલકોની નારાજગી વહોરવાની કામગીરી કરે તેવી કોઇ શકયતાં નથી. ઓછી ફી જાહેર થાય તો સંચાલકો નારાજ થાય અને વધારે ફી જાહેર થાય તો વાલીઓ નારાજ થાય તેમ છે. આ સ્થિતિમાં હવે ફી જાહેર કરવી કે કેમ તેવી દ્વિધાભરી સ્થિતિ સરકાર માટે ઉભી થઇ છે. જોવાનું એ રહે છે કે ચૂંટણીની આચાર સંહિતા ક્યારથી લાગૂ થાય છે અને આચારસંહિતા બાદ સરકાર કમિટીને યથાવત રાખે છે કે કેમ?

## આગામી માસમાં પરીક્ષા-વેકેશનથી કામગીરી ખોરવાશે

SHIKSHAN SARVADA : Year : 11, Issue: 262, Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.